એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૫ ● અંક-૨

ડિસેમ્બર '૦૯ – જાન્યુઆરી '૧૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૭૭૯૭ ૯૭૫૮૪

**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૭૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ**
www.gnyatisetu.com

**ઈ-મેલ**
editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**
મુદ્રા કોમ્પ્યુટર્સ, મણિનગર, અમદાવાદ.

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



૨૧મી સદીના પ્રથમ દાયકાના અંતિમ વર્ષારંભે, 'સેતુ'ના સુજ્ઞ વાંચકોનું ભાવભર્યું અભિવાદન. ગત વર્ષની ગતિવિધિઓ પર દૃષ્ટિ દોડાવતાં, આપણા સમાજની પ્રગતિનાં 'પદચિહ્નો' સ્પષ્ટ વર્તાય છે.

આપણા મહામંડળે, એની સમસ્ત સમાજલક્ષી પ્રારંભિક પ્રવૃત્તિ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે સફળ પ્રતિભાઓનું સન્માન કર્યું. દેશના વિવિધ વિસ્તારોમાં વસતી આપણી ઉગતી પેઢીનો 'સમાજલક્ષી' અભિગમ અને અરસપરસ પરિચય કેળવવા, આપણે એક ડગલું આગળ વધ્યા.

વર્ષ દરમ્યાન ભુજ, અંજાર, માંડવી, નખત્રાણા, રાયપુર, મુંબઈ આદિ સ્થળોએ વસતા આપણા સમાજના સભ્યોએ નાની મોટી અનેક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું જેના અહેવાલો પ્રકાશિત કર્યાનું 'સેતુ'ને ગૌરવ છે.

ભુજ જ્ઞાતિ સમાજ દ્વારા બે મહત્ત્વના પ્રસ્તાવો જાહેર થયા, જેનો સાર્વત્રિક - સંદર્ભ સરાહનીય છે. આમાંનો એક પ્રસ્તાવ 'કાયમી મેડિકલ ફંડ' રચવાનો છે. જેના તત્કાલ પ્રતિભાવે દાનની સરવાણી સમાજના સભ્યોની પ્રતિબધ્ધતાની સૂચક છે. એ જ રીતે આગામી સમૂહ લગ્ન પ્રસંગે રજત જયંતી અને 'સમાજ ગૌરવ દિન' ઉજવવાના સૂચનનું પણ ઉમળકાભેર સ્વાગત થયું.

આ સંદર્ભે અગાઉના સમૂહ લગ્ન પ્રસંગોના ઉપક્રમે લગ્ન બંધને જોડાયેલા દંપતિઓને 'સેતુ'નું નમ્ર ઈજન છે કે જો તેઓ એમના 'સુખી દાંપત્યજીવન'ની તસવીરો 'સેતુ'ના 'ગૌરવ-દિન' વિશેષાંક માટે મોકલશે તો સેતુ એને અવશ્ય પ્રકાશિત કરશે.

અંતમાં આપણા સમાજના સજાગ સંદેશવાહક તરીકે 'સેતુ'ને મહામંડળ પ્રમુખશ્રી તેમજ અન્ય વડીલોએ પ્રસંગોપાત બિરદાવ્યું તે બદલ એ સહુ વડીલો તેમજ જ્ઞાતિના અત્ર - તત્ર - સર્વત્ર સર્વે સભ્યોનું 'સેતુ' આભારી છે. અસ્તુ.


| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| --- | --- | --- |
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |


॥ શ્રી ગણેશાય નમ: ॥ ॥ શ્રી વાંકલ ચામુંડા નમ: ॥

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ

(જુના પુસ્તકોની લે-વેચ કરનાર)






અમારે ત્યાંથી સ્કુલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે.
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો



# માનસી મોબાઈલ શોપ



B.S.N.L. (D.S.A.)
ડાયરેક્ટ સેલીંગ એજન્ટ



| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમકાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કુપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે**

નોંધ : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

**Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455**


અભિષેક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.-૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ)

# સ્વામી વિવેકાનંદનો દેશપ્રેમ

સંકલિત

## વિવેક-વાણી

**કોઈપણ સંજોગોમાં તમારા ધ્યેયની પાછળ પડીને મક્કમતાથી આગળ વધ્યે જવાની તમારી તૈયારી છે ખરી?**



"બધા લોકો દેશપ્રેમની વાતો કરે છે. હું પણ દેશપ્રેમમાં માનું છું. મારી પાસે પણ મારો પોતાનો દેશપ્રેમનો આદર્શ છે. મહાન સિદ્ધિઓને માટે પણ વસ્તુઓની આવશ્યક્તાઓ હોય છે. પ્રથમ હૃદયપૂર્વકની લાગણી હૃદય દ્વારા આવે છે. અંતઃપ્રેરણા પ્રેમથી અશક્યમાં અશક્ય દરવાજા ખોલી નાખે છે. વિશ્વના સર્વ રહસ્યોનું પ્રવેશદ્વાર છે પ્રેમ.

....માટે મારા સુધારકો! મારા ભાવિ દેશપ્રેમીઓ! લાગણી કેળવતાં શીખો. તમને લોકો માટે લાગણી છે? આ કરોડોની સંખ્યામાં રહેલા આપણા દેવોના અને ઋષિમુનિઓના વંશજો પશુત્વની નજીક પહોંચી ગયા છે. તમને એ માટે જરાય દિલમાં લાગી આવે છે? આજે લાખો લોકો ભૂખે મરી રહ્યા છે અને લાખો લોકો યુગો થયા, ભૂખમરો સહન કરતા આવ્યા છે. તેને માટે તમારા દિલમાં કાંઈ થાય છે? તમને એમ કદી થાય છે કે આ અજ્ઞાનનો અંધકાર આપણા દેશ પર ઘનઘોર વાદળાની પેઠે છવાઈ ગયો છે? તમને એ હલાવી નાખે છે? તમારી ઊંઘ એનાથી ઊડી જાય છે ખરી? એ તમારા રક્તમાં પ્રવેશીને તમારી નાડીઓ દ્વારા હૃદયના ધબકારાની સાથે તાલ પૂરાવે છે ખરો? એણે તમને ભરખી લીધા છે ખરા? આને માટે તમે તમારું નામ, તમારો યશ, તમારી કીર્તિ, તમારી સ્ત્રી, તમારાં બાળકો, તમારી સંપત્તિ, તમારી માલમિલકત અરે, તમારો દેહ સુદ્ધાં વીસરી બેઠાં છો ખરા? તમે એવું કાંઈ અનુભવ્યું છે?

દેશપ્રેમી થવાનું પહેલું પગથિયું આ છે... હું અમેરિકા ગયો તે પેલી વિશ્વ ધર્મપરિષદ માટે નહીં, પણ લોકો પ્રત્યેની આ કરૂણતાનું ભૂત મારા અંતરમાં ભરાઈ બેઠું હતું. માટે કાર્ય કરવાનો કોઈ રસ્તો મને જડતો ન હતો; એ કારણસર હું અમેરિકા ગયો. એ વિશ્વ ધર્મપરિષદની કોને પરવા હતી? અહીં તો મારું પોતાનું લોહી અને માંસ - મારાં ભાંડુઓ રોજને રોજ ખલાસ થયે જતા હતા. પણ એની કોને પડી હતી?

વારુ ત્યારે, તમને કદાચ લાગણી તો થઈ. બીજી જે વસ્તુની આવશ્યક્તા છે તે ઈચ્છા શક્તિ. કેવળ મોંએથી થૂંક ઉડાડવામાં તમારી શક્તિનો વ્યય કરતાં કરતાં તમે કોઈ ઉપાય શોધી કાઢ્યો છે? તિરસ્કારને બદલે કંઈક સહાય, લોકોનાં દુઃખો હળવાં કરવા માટે મીઠાશભર્યા વચનો, આ જીવતા લોકોને નરકમાંથી બહાર કાઢવા માટેનો કોઈ વ્યવહારુ ઉકેલ તમને જડ્યો છે ખરો...? દુનિયા આખી તમારી સામે તલવાર લઈને જો ખડી થઈ જાય, તો પણ તમે સાચું માનો છો, તે કરવાની હિંમત છે તમારામાં? કોઈપણ સંજોગોમાં તમારા ધ્યેયની પાછળ પડીને મક્કમતાથી આગળ વધ્યે જવાની તમારી તૈયારી છે ખરી?

ત્રીજી જે જરૂર છે તે ધૈર્યની. જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાઓમાં છપાવવા જવાની જરૂર નહીં રહે. તમારે ભાષણખોરીની ય જરૂર નહીં પડે. તમારો ચહેરો જ દીપી ઉઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ, એ પથ્થરોની દિવાલો સોંસરા તમારા વિચારો નીકળશે અને સેંકડો વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ઘૂમ્યા કરશે અને અંતે એ કોઈ એકના મગજમાં ચોંટી જઈને ત્યાં કાર્યમાં પરિણમશે. વિચારની સચ્ચાઈની અને શુદ્ધ હેતુની આવી શક્તિ છે."

**– સ્વામી વિવેકાનંદ**

***આ વિરાટ પ્રતિભાનું અવતરણ મકર સંક્રાંતિને રોજ થયું હતું. (૧૮૬૩-૧૯૦૨)***

## સરસ્વતી વંદના



*શુક્લાં બ્રહ્મવિચારસારપરમાંમાદ્યાં જગદ્‌વ્યાપિનીમ્।*
*વીણા પુસ્તકધારિણી અભયદાં જાઉચાન્ધકારાપહામ્;*
*હસ્તે સ્ફટિકમાલિકાં વિદિધર્તીં પદ્માસને સંસ્થિતામ્*
*વન્દે તાં પરમેશ્વરીં ભગવતીં બુદ્ધિપ્રદાં શારદામ્ ॥*

*શુભ્ર વર્ણની, બ્રહ્મ વિદ્યાના શ્રેષ્ઠ સાર રૂપ, વિશ્વની આદ્યશક્તિ, જગદવ્યાપનિવાસી, વીણા, પુસ્તક ધારણ કરનારી, અભય પ્રદાન કરનારી, અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરનારી, હાથમાં સ્ફટિક માળા ધારણ કરનારી, પદ્માસનવાળીને કમળના આસન પર બેઠેલી, બુદ્ધિ પ્રદાન કરનારી, ભગવતી પરમેશ્વરી શારદાને હું પ્રણામ કરું છું.*

## સુભાષિત ચિંતન

**કુ. એકતા કટ્ટા - અંજાર**

*"शान्तितुल्यं तपो नास्ति न सन्तोषात् परं सुखम् ।*
*न तृष्णायाः परो व्याधिः न च धर्मो दयापरः ॥*

અર્થાત્ "શાંતિ જેવું તપ નથી, સંતોષથી જુદું (કોઈ) સુખ નથી, લાલચ કરતાં બીજો રોગ નથી અને દયાથી જુદો (કોઈ) ધર્મ નથી."

શાંતિ, સંતોષ, લાલચ અને દયા દ્વારા જીવનમાં શું શું ઉદ્ભવે છે તેનું સ્પષ્ટીકરણ સુભાષિતકારે આ સુભાષિતમાં કર્યું છે. તપ કે જેનાં દ્વારા ઉર્જા (વિવિધ સિદ્ધિઓ, સફળતાઓ અને લક્ષ્યોરૂપી ઊર્જા) જે જીવનને આકાર બક્ષે છે તે શાંતિ દ્વારા સિદ્ધ થાય છે. સુખ (શારીરિક, માનસિક, આર્થિક કે ભૌતિક ઇત્યાદિ) જે માણસનાં જીવનનું પરમ લક્ષ્ય હોય છે તેની પ્રાપ્તિનો આધારબિંદુ સંતોષ જ હોઈ શકે. રોગ (શારીરિક, માનસિક, સામાજીક ઇત્યાદિ વિવિધ રોગો) જે જીવનને અધોગતિ તરફ દોરી, ઘણીવાર તો જીવન સમાપ્ત કરી દે છે તેનાં મૂળમાં તો લાલચનાં બીજ જ રોપાયેલાં હોય છે. તો ધર્મ (પ્રત્યેક કાળ, રાષ્ટ્ર અને સંપ્રદાયમાં હંમેશાં મહત્ત્વ પામો) જે માણસમાત્રનાં અસ્તિત્વ અને ઓળખનો પર્યાય રહ્યો છે, વાસ્તવમાં તેનો પર્યાય દયા હોઈ શકે છે, તેવી સમજણ પણ આ સુભાષિત બક્ષે છે.

શાંતિ, સંતોષ, લાલચ, દયા અને તપ, સુખ, રોગ, ધર્મ જેવાં શબ્દો માનવીય જીવનનાં મૂળભુત ગુણધર્મો ગણી શકાય છે. વિવિધ કાળ, ક્ષેત્ર, પરિસ્થિતિ અને માનવ જીવનનાં આધારે તેનું મહત્ત્વ અને ફળમાં વિવિધતા હોઈ શકે પણ જેવી રીતે કોઈ પણ વ્યક્તિ કે પ્રાણીનાં નિશ્ચિત શારીરિક અંગો હોય છે તેવી જ રીતે ઉપરોક્ત ગુણો માનવ જીવનનાં મન અને બુદ્ધિનાં નિશ્ચિત અંગો ગણી શકાય. તે બધાં અદૃશ્ય તત્ત્વો (અંગો) દ્વારા મન અને બુદ્ધિ નિર્માણ પામતાં હોય છે. 'તુંડે તુંડે મતિર્ભિન્ના' પ્રમાણે એ પ્રત્યેક ગુણોનું સ્વરૂપ જુદું હોઈ શકે છે. પરંતુ વાસ્તવમાં જીવનને ઉર્ધ્વગામી બનાવનારાં સ્વરૂપની સુભાષિતમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.

આધુનિક કાળમાં શાંતિ-તપ, સંતોષ-સુખ, લાલચ-રોગ, દયા - ધર્મ શું છે? તે માત્ર અને માત્ર ભૌતિકતાવાદ અને ઉપયોગીતાવાદથી ઘેરાયેલાં છે. સમાજમાં બાહ્યરૂપે - ભૌતિકરૂપે સારા દેખાવ, આધુનિક દેખાવ દ્વારા જ શાંતિની અનુભૂતિ માનવામાં આવે છે અને તે માટે શક્ય તેટલું શારીરિક કે બૌદ્ધિક તપ (મહેનત) કરવામાં આવે છે. (વાસ્તવમાં તેથી શાંતિ મળે છે ખરી?) માત્ર દેખાદેખીનાં આધારે, આવશ્યક્તા હોય કે ન હોય તેવાં ભૌતિક સાધનો, વ્યવહારોનો નિભાવ કરી સંતોષનો સુખ માનવામાં આવે છે. (એ સંતોષ કેટલું ઉપરછલ્લું હોય છે કે સુખ માત્ર મુખ પર જ હોય છે. શું હૃદય સુધી તે સંતોષ કે સુખ પહોંચે ખરા?) ભૌતિક બાહ્ય - શાંતિ અને સંતોષ વરાળ માફક હોય છે. નવી ફેશનનાં સાધનો - વ્યવહારોની જરા સરખી હવા લાગતાં જ મનનાં સુખ પર પાણી બની વ્યર્થ સાબિત થાય છે અને નવી લાલચનાં ટીપાંઓ બની રોગ સાબિત થાય છે. (નવી ફેશનનાં સાધનો - વ્યવહારોની આવશ્યક્તા છે કે નહીં? શું તે ટાળી શકાય છે? અલબત્ત આવશ્યક્તાઓ ઊભી કરવામાં આવી રહી છે કે કેમ? તેની ચકાસણી કર્યા વગર શું સંપૂર્ણ નિરોગી બની શકાય છે ખરા?) આજે આકર્ષણનું કેન્દ્ર બની સુખનો એકમાત્ર સાધન લાગતી ભૌતિક વસ્ત-વ્યવહારો કાલે તદ્દન નિરૂપયોગી બની જતી હોય છે. જેટલી ઝડપી આધુનિકતા તેટલો જ ભૌતિક સુખનો ટૂંકો સમય! એકનો જીવનમાં ઉપયોગ કર્યો ન કર્યો ત્યાં બીજી આધુનિક સામગ્રી તૈયાર! ભૌતિક જીવનમાં ઉપયોગી થતાં વ્યવહારોની આપ-લે કરવામાં ઘણી વખત ઘણું બધું જતું કરવું પડતું હોય છે ત્યારે સામે દેખાતાં ભૌતિક સુખની પ્રાપ્તિનાં ફળ માટે સ્વયં જ જતી કરેલી બાબતને સ્વયંની ઉદારતા ગણી દયા દેખાડવામાં આવે છે. (સ્વયં સુખ જ પરમ ધર્મની ઉપરછલ્લી અને ટુંકી ભૌતિકતા પાછળ દોડનારા દયા-ધર્મ જેવાં વિશાળ ગૂઢાર્થ ભરેલાં આંતરિક ગુણોને સમજવા કદી થોભી શકીશું ખરા?)

આધુનિક કાળનાં આપણે આધુનિક માણસ શાંતિ - સંતોષ - ધર્મ જેવા શબ્દોથી ભરેલાં સુભાષિતનું ચિંતન કરીશું તો ક્યાંક પછાત તો સાબિત નથી થતાં ને?

---

## નારી શક્તિ

*કલમ ઉપાડી છે, લખવા નારી શક્તિ*
*જણાવું વિવિધ નારીઓની અનોખી ભક્તિ*
*લાગણી, પ્રેમ, દયાનો ભંડાર છે નારી*
*એ તો, ગુણોથી ભરેલી બાંધેલી છે એક 'ભારી'*
*બાંધી છે ઈંદિરા ગાંધીએ રાજકારણની દોર*
*નચાવ્યા છે સાનિયાએ રમત ગમતનો મોર*
*કિરણ બેદી બનાવી શક્યા મુશ્કેલીને કેદી*
*ઝાંસી કી રાણી સુનાવી વીરતાની વાણી*
*શોધ બધી અંતરિક્ષ તણી, કરવા ગયા આકાશમાં*
*'સુનિતા' કલ્પનાએ રાહ દેખાડ્યો વિશાળ અવકાશમાં*
*નારીમાં પડેલી શક્તિ બહાર આવી છે આજ*
*'યાદ'ની કલમ ઉપડી રાખી છે 'કવિતા'ની લાજ*
*એ વાત છે સાચી કે 'નારી તું ન હારી'*
*એટલે જ આ વાક્યને નથી શક્યું કોઇ મારી*
*હું લખું નારી બનીને 'નારીની કવિતા'.*
*તો શું હું પણ નથી આ 'નારી શક્તિ'ની નાનકડી સરિતા???!*

**કુ. જીનલ પી. સોની - નાગલપુર માંડવી**

# શ્રીમદ્ ભાગવત – મહાત્મ્ય

**સ્વ. ઠાકરશી પી. કંસારા**

મહર્ષિ વેદવ્યાસ રચિત 'શ્રીમદ્ ભાગવત્' જગતના મહાન ધાર્મિક ગ્રંથોમાં ઊંચું સ્થાન ધરાવે છે. જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિરૂપી ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનું સદ્ભાગ્ય તેના પઠન તથા શ્રવણથી પ્રાપ્ત થાય છે. તેમાં ભગવાનનાં દસ અવતારની કથા સાથે પરમ શક્તિની લીલારૂપ સૃષ્ટીની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય વિશે તેમજ પરમાત્મતત્વ અને આત્માનાં સંબંધ વિષયમાં વિવેચન થયેલ છે. વિશેષમાં વર્ણ તથા આશ્રમ અને ધર્મ, અર્થ તથા કામનું જીવનમાં સ્થાન એ બાબતમાં વિચારણા થવાની સાથે સંસાર તથા મોક્ષ વગેરેનું રહસ્ય સમજાવવામાં આવેલ છે. તેથી જ તેનાં મંગલાચરણ શ્લોકમાં કોઈ દેવ દેવીનું સ્તવન નહીં કરતાં સર્વે ધર્મમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા, ધર્મનાં આધારરૂપ મુખ્ય તત્ત્વ 'સત્ય'નો મહિમા 'સત્ય' પર ધીમહી (અમે પરમ સત્યનું ધ્યાન ધરીએ છીએ) એ અંતિમ ચરણવાળા શ્લોકથી ગવાય છે.

શ્રીમદ્ ભાગવતની રચના શ્રી વ્યાસજીએ શ્રી મહાભારતમાં પોતે 'ભક્તિ'નો મહિમા કહ્યો ન હતો તેથી ચિત્તમાં અશાંતિ જાગી ઊઠી હતી એવું જણાવાથી આત્માની શાંતિને અર્થે કરેલ હોવાનું મનાય છે.

શ્રીમદ્ ભાગવતનું પઠન-પાઠન ખરેખર આત્માને શાંતિદાયક તથા પરમાનંદ ઉપજાવે તેવું છે. રાજા પરીક્ષિતે જરાસંઘનાં સુવર્ણ મુકુટ જેવી અધર્મથી પ્રાપ્ત થયેલ સંપત્તિમાં મોહ રાખ્યો તેથી એની બુધ્ધિ બગડી અને એણે બ્રાહ્મણનો શાપ વહોર્યો. સાતમે દિવસે એનું મૃત્યુ થવાનું હતું તે જાણી એ સંસાર છોડીને તપ કરવા ગંગાતીરે ગયો. સાત દિવસ સુધી નિરાહાર રહીને ભગવત્ ચિંતન કર્યું ત્યાં વ્યાસજીનાં પુત્ર શ્રી શુકદેવજીએ સ્વયં પધારીને ભક્તિરસથી પૂર્ણ પરમ શાંતિદાયક અને આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવે તેવું શ્રી ભાગવતની કથા પારાયણરૂપી અમૃતનું પાન કરાવ્યું. નૈમિષારણ્યમાં ઋષિ મુનિઓનાં જ્ઞાન-સત્ર વેળા તે કથા સૂત પુરાણીએ શૌનિક વગેરે મુનિઓને સંભળાવી.

શ્રીમદ્ ભાગવતમાં મુખ્યત્વે કરીને ધ્રુવ તથા પ્રહલાદની નિર્મળ ભક્તિની, સુદામાની નિઃસ્વાર્થ મિત્ર-ભક્તિની, જડ ભરતની, વૈરાગ્ય ભક્તિની, વિધુર તથા ઉદ્ધવની જ્ઞાન-ભક્તિની અને શ્રી હનુમાનજી, અર્જુન, કુંતા તથા દ્રૌપદી વગેરેની અનન્ય ભક્તિની કથા આવેલ છે. બાળક ધ્રુવના તપ તથા નિર્મળ ભક્તિથી એના અંતરમાં અલૌકિક પ્રકાશ પ્રકટ થાય છે. તેથી એ શ્રી નારાયણની સ્તુતિ કરતાં ગાય છે :

*"યાઉન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તાં સંજીવય ત્થ ખિલશક્તિ ધરઃ સ્વધાસ્ના ॥*
*અન્યાંચ હસ્તચરણ શ્રવણ ત્વગાદિન્ પ્રાણાનનમો ભગવતે પુરૂષાય તુભ્યમ્ ॥*

(*ભાવાર્થ :* જે મહાશક્તિમાન પરમાત્માએ મારા અંતઃકરણમાં પ્રવેશ કરી મારી સુષુપ્ત વાચાને જીવન આપ્યું છે, મારા બીજા અંગો તથા પ્રાણને જાગૃત કરેલ છે, તે પરમ પુરૂષને નમસ્કાર.)

બાલકૃષ્ણ તરફ પ્રેમ અને ભક્તિભાવ ધરાવતી ગોપી ગોપીકા ગીત ગાતાં બોલી ઊઠે છે :

*જયતિ તેઽધિકં જન્મનાવ્રજ, શ્રીયત ઈંદિરા શાશ્વદત્રણિ ।*

(ભાવાર્થ : હે પ્રિય કૃષ્ણ, તારા જન્મથી વ્રજ ભૂમિ ધન્ય બની છે. અહીં લક્ષ્મીએ કાયમનો વાસ કર્યો છે.)

ગોપ બાળકો સાથે ખેલતા-કૂદતા, બંસીનાદથી ગોપીઓ તથા ગાયોને ઘેલી બનાવતા કૃષ્ણની બાળલીલામાં નિષ્કામ પ્રેમરસ-મસ્તીનું ગાન થયેલ છે. ગોપીઓ સાથેની રાસ લીલા આધ્યાત્મિક સ્વરૂપની વસ્તુ છે. એ કોઈ કામ-ક્રીડાની કથા નથી. શ્રીકૃષ્ણ નવ-દસ વર્ષની ઉંમરે તો ગોકુળ છોડીને મથુરામાં રહેવા ગયા છે. વિદુરજી, કુંતા તથા દ્રૌપદી, શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત છે. શ્રીમદ્ ભાગવતે ભક્તિનો મહિમા નીચેની અમર પંક્તિમાં ગાયો છે :

*"સંસાર કૂપ પતિતો ત્તરણાવલમ્બં...."*

(ભાવાર્થ : સંસારરૂપી કૂવામાં પડેલા પામર જીવને ભક્તિ એ કુવામાંથી બહાર નીકળવા માટે સાધન છે.)

શ્રીમદ્ ભાગવતના મહાત્મ્યમાં એવી કથા આવે છે કે પ્રેત યોનિ પામેલ ધુંધુંકારીની મુક્તિ માટે એના ભાઈ ગોકર્ણે શ્રીમદ્ ભાગવતની કથાનું સપ્તાહ પારાયણ કરેલ તે વખતે સાત ગાંઠવાળા વાંસ પર બેસીને ધંધુકારીએ કથા સાંભળી અને દરરોજ વાંસની એક ગાંઠ ફૂટતી. સપ્તાહાંતે એની મુક્તિ થઈ. આ કથાનું રહસ્ય એ છે કે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર તથા દંભ એ સાત દોષોમાંથી શ્રોતા, કથા શ્રવણ દ્વારા દરરોજ એક એક દોષમાંથી પોતાના આત્માની મુક્તિ સાધી શકે છે.

શ્રી ગરૂડ પુરાણ (અધ્યાય-૭, શ્લોક-૨૭)માં જણાવેલું છે કે 'હરકોઈ પુત્ર પિંડ-કર્મ કે શાસ્ત્રઅનુસાર ભલે પિતૃ ક્રિયા કરે, તેથી પિતા પોતાના કર્મફળથી કદી છૂટતો નથી. શરીર કર્મજન્ય છે અને તેને કર્મ ભોગવવાં જ પડે છે."

તેથી મનુષ્ય પોતાના આત્માનું કલ્યાણ કરવા ઈચ્છતો હોય તો એણે ભક્તિભાવે કથા શ્રવણ કરી કામ ક્રોધ વગેરે દોષોથી મુક્ત થવાનું છે. અને સત્કર્મોનું આચરણ કરવાનું છે. તેથી જીવની સદ્ગતિ થાય છે.

અંતમાં શ્રીમદ્ ભાગવતમાં પરમ પાવનકારી નીચેના શ્લોકથી પરમાત્માને વંદન કરે છે :

*ૐ સચ્ચિદાનંદ કૃપાય, વિશ્વોત્પયાદિ હેતવે ।*
*તાપત્રયં વિનાશાય, 'શ્રી કૃષ્ણાય વયં નુમઃ' ॥*

ભાવાર્થ : શારીરિક વગેરે ત્રણ પ્રકારનાં તપોનાં વિનાશાર્થે, સત - ચિત્ત તથા આનંદ રૂપ અને વિશ્વમાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનાં હેતુરૂપે શ્રીકૃષ્ણને વંદન કરીએ છીએ.

*યશોદાનંદઆનંદ, વને સહ ગોપ ક્રીડન્તમ્ ।*
*મધુર સુર વેણું વાદંતં, ભજામિ કૃષ્ણ ગોવિંદમ્ ॥*

***સ્વ. ઠાકરશી પી. કંસારાના આધ્યાત્મિક સાહિત્ય સર્જનનો એક અંશ***
***જન્મ-દિવસ સ્મરણાંજલી (૨૦-૨-૧૯૦૮)***

## 'સેતુ' પરિવાર સભ્યો જોગ નિવેદન

**'સેતુ'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- છે પરંતુ વ્યવહારિક અનુકૂળતા હેતુ ત્રણ માસનું લવાજમ રૂા. ૩૦૦/- એક સાથે લેવામાં આવે છે. તદુપરાંત રૂા. ૧૫૦૦/- એક સાથે ભરી 'સેતુ'ના આજીવન સભ્ય પણ બની શકાય છે, જેની નોંધ લેવા વિનંતી.**

*જયમીન સોની - લવાજમ વિભાગ*

મહા મહિનાના કૃષ્ણ પક્ષની ચૌદસનો દિવસ મહાશિવરાત્રિનાં પવિત્ર પર્વ તરીકે ભારતભરમાં હિંદુઓ દ્વારા શ્રધ્ધાપૂર્વક ધામધૂમથી મનાવવામાં આવે છે. આર્યાવર્તમાં જેટલાં પણ પૂજા-પાર્વણ, વ્રત-ઉપવાસ, હોમ-નિયમ પ્રચલિત છે — આ બધામાં શિવરાત્રિ વ્રતનું મહાત્મ્ય વિશેષ છે. આ દિવસે પાણીમાં કાળા તલ નાખીને સ્નાન કરવામાં આવે છે. ભગવાન શંકરને બિલિપત્ર ચઢાવી તેમનું પૂજન કરવામાં આવે છે. શિવપુરાણનું પઠન થાય છે અને રાત્રે જાગરણ કરી ભગવાન શિવનું ધ્યાન કરવામાં આવે છે. ઉપવાસ કરવામાં આવે છે.


શિવલિંગનાં પ્રાદુર્ભાવ સંબંધમાં આવતી વિશેષ કથાનુસાર શિવરાત્રિનાં અવસર પર ભગવાન શંકરની મૂર્તિ પર નિરંતર જલધારા દ્વારા અભિષેક કરવામાં આવે છે તથા તેનાં પર કાચા દૂધ, લસ્સી આદિથી સ્નાન કરાવવાની પ્રથા પણ છે જ. શિવલિંગ પર નિરંતર જલની ધારા કરાવવાનો અર્થ એ થાય છે કે શિવરાત્રિનાં અવસરથી આરંભ થવા વાળી ઋતુમાં દરેક વ્યક્તિએ પોતાનાં મસ્તિષ્ક પર ઠંડુ જળ રેડવું જોઇએ જેથી મગજ શાંત રહે. જેમનું મગજ શાંત-ઠંડુ રહે છે તેમની બુધ્ધિ તીવ્ર અને દૂરંદર્શી હોય છે. ઠંડા મસ્તિષ્કવાળા લોકોની આસપાસ વાતાવરણ શાંત અને અનુકૂળ રહે છે. જલાભિષેકનો વાસ્તવિક અર્થ આ પ્રમાણેનો જ થાય છે.

ભગવાન શંકરને આકડો, ધતુરો, લીમડો, ભાંગ બીલીપત્ર વિ. વસ્તુઓ ચઢાવવામાં આવે છે. આ તમામ વસ્તુઓ વાસ્તવમાં ઔષધિઓ છે, જે જુદા જુદા રોગો દૂર કરવા માટે વિશિષ્ટ રીતે ઉપયોગમાં આવે છે. ધતુરો એ માદક અને ઝેરી છે. તે વિષનાશક છે. ધતુરાનાં પાન, બીજ તથા ફળ પણ ઔષધિ રૂપે ઉપયોગી છે. આકડો પેટનો દુ:ખાવો દૂર કરવા માટે શેક કરવામાં લાભદાયી નીવડે છે. આકડાનાં પાનને સૂકવી ને કરવામાં આવેલ ચૂર્ણ અલ્સરનાં ઝખમ રૂઝાવવામાં ઉપયોગી છે. લીવરના દર્દોમાં પણ વૈદ્યો દ્વારા કરવામાં આવેલ આકડાનાં પ્રયોગ લાભદાયી નીવડેલ છે. ચામડીનાં દર્દોનાં નિવારણ માટે તે અક્સીર ઔષધ છે. તમે જોયું હશે કે હનુમાનજીને પણ આકડાનાં ફૂલપાનની માળા ચઢાવાય છે. અહીં પણ વૈદિક દૃષ્ટિકોણ જ છે. હનુમાનજી વાયુપ્રધાન છે. અને આકડો ચેતના આપે છે અને તે વાયુશામક પણ છે જ. લીમડો પણ રક્તની અશુધ્ધિ અને ચામડીનાં વિકાર પર અક્સીર ઉપાય છે. શિવજીની ઝોળીમાં સૌથી મહત્વપૂર્ણ ઔષધી જો કોઇ હોય તો તે ભાંગ છે. ભાંગ કફનાશક છે તેમજ હરસ, અતિસાર, સંગ્રહણી જેવાં રોગોની તો તે અમોઘ ઔષધિ છે. બિલીપત્રનો મહિમા તો વૈદકશાસ્ત્રમાં ખૂબ જ ગાવામાં આવ્યો છે. બિલીપત્રનો રસ નયણેકોઠે પીવાથી બહુ જ ગુણકારી સિધ્ધ થાય છે. વિશેષ કરીને ડાયાબિટીસ માટે એ ચમત્કારિક પરિણામદાયી છે. ચિકનગુનીયા જેવા રોગમાં બીલીપત્રનાં મૂળનો ભાગ તેનાં ઉકાળામાં વપરાતાં મૂળોમાં મહત્વનું અંગ છે. ટૂંકમાં ભગવાન શિવને ચઢાવવામાં આવતી તમામ વસ્તુઓ વાસ્તવમાં વિશિષ્ટ ઔષધિઓ જ છે, જે જુદા જુદા રોગો દૂર કરવા માટે વિશિષ્ટ રીતે ઉપયોગમાં આવે છે. શિયાળામાંથી ઉનાળાનાં પરિવર્તન કાળમાં શરીરમાં અનેક વિકાર વધે છે. શિવપૂજાનો વાસ્તવિક મતલબ સમજી, આ વિકારોથી ઉત્પન્ન થતાં તમામ રોગોથી બચી શકાય છે.

આપણાં ઋષિમુનિઓએ શિવપૂજાનું વિધાન જે પ્રમાણે કરેલું છે તેમાં સામાજીક, આધ્યાત્મિક અને ચિકિત્સાનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જ રહેલો છે. શિવપૂજાને યોગ્ય રીતે સમજી લેવાથી સંપૂર્ણ વાતાવરણ અને જનસ્વાસ્થ્યનો સર્વોન્મુખી વિકાસ સંભવિત બને છે.

***વૈદ્ય રામ બી. શુક્લના 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત લેખોનો સંક્ષેપ***

## શિવલીંગ



શિવલીંગની પૂજાની શરૂઆત કરાવનાર મહાન ઋષિ હશે. શિવલીંગમાં જે લીંગ છે તે એકડા જેવું છે. નીચે થાળ છે તે શૂન્ય જેવું છે. એનો અર્થ એમ થાય છે કે આ જગતમાં એક જ સત્ય છે, બીજું બધું શૂન્ય છે. આમ ભગવાન સત્ય છે, બાકીનું સર્વ શૂન્ય છે તેવો અર્થ શિવલીંગનો થાય છે. આવી નિર્ગુણ નિરાકારની આ મહાન પૂજા છે. જેણે જનોઈ લીધી છે, જેને વૈદિક વિચારોનું બંધારણ નક્કી કરવામાં આવ્યું છે. બહેનો જનોઈ લેતી નથી. તેથી તેઓ શિવલીંગની પૂજા ન કરી શકે એમ નક્કી કરવામાં આવ્યું છે. આ મૂળ અર્થ જેમને ખબર નથી તેવા લોકોએ શિવલીંગનો વિકૃત અર્થ કરી નાખ્યો છે. આ જગતમાં ઈશ્વર વગરનું શૂન્ય છે. જેની બુધ્ધિ ઈશ્વર કાર્યાર્થે વપરાતી નથી તે બુધ્ધિશૂન્ય છે. જેનો પૈસો ઈશ્વર કાર્યાર્થ વપરાતો નથી તે પૈસો શૂન્ય છે. જેનું શરીર ઈશ્વર માટે ઘસાતું નથી, તેનું શરીર શૂન્ય છે. આમ બુધ્ધિ, પૈસો, શરીર, ઈશ્વર માટે, કલ્યાણ કાર્ય માટે જે વાપરે છે તે જ સાચી શિવપૂજા કરે છે. બાકીના માત્ર કર્મકાંડનો સંતોષ માને છે.

***પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત***
***પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ***

## પ્રતિભાવ

જેમ ચાતક પક્ષી વરસાદની રાહ જુએ અને વરસાદનું ટીપું જ્યારે તેના મોંમા પડે અને જે ટાઢક તેને હૈયે વળે એવું જ કંઇક વિશેષ તત્ત્વ આપણા 'જ્ઞાતિસેતુ'ના દરેક અંકમાં રહેલું હોય છે. જ્યારે જ્યારે સમય થાય ત્યારે જ્ઞાતિસેતુની અમારા કુટુંબમાં કાગના ડોળે રાહ જોવાય છે અને પહેલાં હું વાંચુ એવી હઠ દરેક જણ કરે. આમ 'જ્ઞાતિસેતુ' અમારું માનીતું, પ્રિય અને કુટુંબનું એક અંગ ગણીએ તેવું છે. જ્ઞાતિસેતુમાં આવતી દરેક કોલમ ખૂબજ અગત્યની છે. જ્ઞાતિ વિશેષ, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક અને કાયદાકીય લેખો ખૂબજ રસપ્રદ છે તેમજ 'પ્રકીર્ણ' માં આપવામાં આવતા લેખો પણ ખૂબજ સરસ છે. ગત અંકની વાત કરું તો 'શેરી નાટક' વાળો લેખ પ્રકીર્ણમાં ભાઇ શ્રી સુરેશભાઇ બીજલાણીને એક કુદરતી બક્ષિસે કહી શકાય તેવી ભેટ ઇશ્વરે આપી છે તો તેઓ ધારે તો જ્ઞાતિમાંથી જ કલાકારોને નાટ્યક્ષેત્રે તૈયાર કરી શકે અને તેમને રાષ્ટ્રીય ફલક પર પહોંચાડી શકે. વિશેષ કમ્પ્યુટર અંગેનું જ્ઞાન આપતા લેખો પણ ખૂબ ચોટદાર રહે છે. જ્ઞાતિસેતુ ઉતરોત્તર પ્રગતિ કરતું રહે અને તેનો વ્યાપ સમગ્ર રાષ્ટ્રમાં વધે તેવી હૃદયવંદના.

***રોહિણી ભરત બુદ્ધભટ્ટી - ભુજ***

## સામાન્ય સભા / અધિવેશન / શૈક્ષણિક - સાંસ્કૃતિક કાર્યક્રમ

મહામંડળની સામાન્ય સભા તથા ત્રિ-વાર્ષિક અધિવેશનનું આયોજન, ભુજ જ્ઞાતિ ઘટકના યજમાનપદે શનિવાર તા. ૧૨-૧૨-૦૯ના રોજ ટીન સીટી, મુંદ્રા રોડ, ભુજ મધ્યે કરવામાં આવેલ. આ સભા - અધિવેશનની સાથે સાથે ભારતભરનાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને સન્માનાયા તેમજ ભારતભરના વિવિધ જ્ઞાતિ ઘટકોના સહકારથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ. પૂરા દિવસના કાર્યક્રમના આયોજનની શરૂઆત સવારે ૧૦.૦૦ કલાકે સામાન્ય સભા / અધિવેશન યોજાયેલ. જેમાં ભુજના - કચ્છના વિવિધ ઘટકોનાં પ્રમુખશ્રીઓ તથા જ્ઞાતિજનો, મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, સાબરકાઠા, સિકંદરાબાદ, રાયપુર વિ. સ્થળેથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ.

યજમાન ઘટક, ભુજ જ્ઞાતિનાં પ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણી, મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગા, સહમંત્રી શ્રી રાજેશ સોલંકી દ્વારા મહામંડળના હોદ્દેદારોનું ભુજ જ્ઞાતિ વતી સ્વાગત / અભિવાદન સાથે સવારે ૧૦.૩૦ કલાકે સામાન્ય સભાની શરૂઆત, ભુજ જ્ઞાતિની કુમારીકાઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ.

સંચાલક અને મહામંડળના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણીના સ્વાગત પ્રવચન બાદ મંત્રી શ્રી અતુલભાઈ દ્વારા ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ, જેને સામાન્ય સભાની બહાલી આપવામાં આવેલ. કાર્યસૂચિ મુજબ મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકી દ્વારા મંડળની છેલ્લા ત્રણ વર્ષની કાર્યવાહીની માહિતી રજૂ કરવામાં આવેલ. જેમાં મહામંડળની વિવિધ કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ થયેલ હોઈ, મહામંડળે હવે ઝડપભેર જરૂરી સામાજીક પ્રવૃત્તિઓમાં સક્રિય થઈ જવા અપીલ કરેલ. મહામંડળના ખજાનચી દ્વારા ત્રિ-વાર્ષિક હિસાબોની રજુઆતને સામાન્ય સભાએ મંજુર કરેલ.



મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોની



પ્રાસંગિક ઉદ્દબોધન કરતા શ્રી ચંદુભાઈ ચનાણી



પ્રાસંગિક ઉદ્દબોધન કરતા શૈક્ષણિક સમિતિના ચેરમેન શ્રી રસીકભાઈ મહીચા



સાંસ્કૃતિક કાર્યક્રમની એક ઝલક

સામાજીક સમિતિના ચેરમેન શ્રી ઈંદુભાઈ એચ. સોલંકી દ્વારા "સગાઈ રીવાજ" સુધારા અંગેની ભુજ જ્ઞાતિ દ્વારા મળેલ પત્રનું વાંચન કરી સમજણ પાડવામાં આવેલ. મહામંડળની અત્યાર સુધીની મિટીંગોનું આયોજન ગોઠવનાર કુલ ૧૦ ઘટકો / જ્ઞાતિઓનું મહામંડળ દ્વારા પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું.

***પ્રાસંગિક ઉદ્દબોધનમાં.....***

★ ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીએ ભુજ જ્ઞાતિ દ્વારા સગાઈ નિયમોનાં ફેરફારથી થયેલ કાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી. ભુજ ઘટકને યજમાનપદ આપવા બદલ મહામંડળનો આભાર વ્યક્ત કરતાં ભુજ જ્ઞાતિનાં સુધારા અન્ય ઘટકોને અપનાવવા વિનંતી કરેલ.

★ પશ્ચિમ કચ્છ પ્રમુખ શ્રી લખમશીભાઈ કોટડીયાએ સગાઈ સુધારા લાગુ કરતા પહેલાં, ઉતાવળ ન કરી, વિવિધ ઘટકો સાથે બેઠક યોજવા સૂચન કરેલ.

★ રાયપુર જ્ઞાતિ પ્રમુખ શ્રી પ્રફુલભાઈ એમ. બારમેડાએ આજના આયોજન બદલ ખુશી વ્યક્ત કરી, રાયપુરમાં મિટીંગ યોજવા આમંત્રણ આપેલ.

★ સાબરકાંઠા જ્ઞાતિ પ્રમુખ શ્રી જેંતીલાલ એન. પરમારે આજના આયોજન બદલ ખુશી વ્યક્ત કરી સાબરકાંઠામાં મિટીંગ યોજવા આમંત્રણ આપેલ.

★ મુંબઈ જ્ઞાતિના પ્રમુખ શ્રી બાબુભાઈ સાકરીયાએ મહામંડળને સૂચનો કર્યા હતા.

★ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતીએ આજના સમારંભ માટે ખૂબ જ ખુશી વ્યક્ત કરતાં જણાવેલ કે, મંડળ હવે પ્રગતિ કરવા થનગની રહ્યું છે અને તે માટે જ્ઞાતિજનોને આર્થિક સહકાર આપવા ભારપૂર્વક વિનંતી કરેલ. દરેક જ્ઞાતિ ઘટક અને જ્ઞાતિજન તન-મન-ધનથી સેવા કરશે તો મહામંડળ

દીપી ઉઠશે અને ધાર્યા કામો થઈ શકશે. મહામંડળ માટે ખૂબ જ પ્રચાર / પ્રસાર કરવા જ્ઞાતિજનોને અપીલ કરેલ.

- **ઉચ્ચ શિક્ષણ સમન્વય કાર્યક્રમ :**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપક્રમે તા. ૧૨-૧૨-૨૦૦૯ના રોજ મહામંડળના પ્રથમ ત્રિ-વાર્ષિક અધિવેશનના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ઉચ્ચ શિક્ષણ સમન્વય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા મારૂ કંસારા સોની જ્ઞાતિના ભાઈ-બહેનો કે જેઓએ ઉચ્ચ શિક્ષણના વિવિધ અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરીને પદવીઓ પ્રાપ્ત કરી છે તેમનું ચંદ્રકો, ટ્રોફીઓ અને ભેટ દ્વારા સન્માન કરવામાં આવેલ.

- **પ્રતિભા પ્રોત્સાહન - સન્માન :**

આ સન્માન કાર્યક્રમનો પ્રારંભ કુ. પ્રિયા બારમેડા અને કુ. રાધિકા દ્વારા પ્રસ્તુત માતા સરસ્વતીની પ્રાર્થનાથી થયો હતો. ત્યારબાદ પ્રો. રસીકભાઈ આર. મહીચ્છા, ચેરમેન શિક્ષણ સમિતિએ ઉચ્ચ શિક્ષણ સન્માન કાર્યક્રમના હેતુ તેમજ આયોજન અંગે વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો.

અનુસ્નાતક કક્ષામાં ખુશ્બુ હેડાઉ, ભાવિકા કોટડીયા, પ્રિયા પરમાર, હેતા પોમલ, રાધિકા મૈચા, સ્મિત બુધ્ધભટ્ટી, ભાવિની પોમલ, ફાલ્ગુની પોમલ, દર્શના ભૂત, કવિતા પોમલ, કોમલ બારમેડા, ચંદન બારમેડા મળીને કુલ ૧૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મૂકબધિર બારમેડા કિશને એસ.એસ.સી. અને કોમ્પ્યુટર કોર્સ સફળતાપૂર્વક કરવા બદલ તેનું સન્માન કરવામાં આવ્યું હતું. અસાધારણ તેજસ્વિતાની કક્ષામાં કુ. નેહા બગ્ગા, કુ. દર્શના મૈચા, પ્રિયા બારમેડા, નીમા પોમલ, નંદન પોમલ, સ્વાતિ સોલંકી, સ્મિત પોમલ, શિવાની બુધ્ધભટ્ટીનું સન્માન કરવામાં આવ્યું હતું. એન્જીનીયરીંગ કક્ષામાં કુ. ગ્રાહી પરમાર, કુ. વિનસ પરમાર, કુ. રીધ્ધિ પોમલનું સન્માન કરવામાં આવ્યું હતું. વીસાપરમાર અંકિત હરીલાલનાં મિશીગન યુનિવર્સિટીની સ્કોલરશીપ મેળવવા બદલ, હરીત પ્રાણલાલ સોનીએ બ્રિટીશ ચ્યુનીંગ ફેલોશીપ મેળવવા બદલ મહામંડળ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહામંડળના પ્રમુખ શ્રી ખેતશી ગુજરાતીએ કાર્તિકેય બુધ્ધભટ્ટીનું આઈ.એ.એસ. પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૭૦મું સ્થાન પ્રાપ્ત કરી સફળતા મેળવવા બદલ ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુવર્ણ ચંદ્રકથી સન્માન કરવામાં આવેલ અને ટ્રોફીથી સન્માન કરવામાં આવ્યું હતું.

મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકી, ઉપપ્રમુખ શ્રી હરીલાલ સોની અને ચેરમેન શ્રી રસીકભાઈ તેમજ ભુજ જ્ઞાતિના પ્રમુખ કિશોરભાઈ જે. ચનાણી દ્વારા વિવિધ કક્ષામાં પદવી પ્રાપ્ત કરતા ભાઈ-બહેનોનું સન્માન કર્યું હતું.

ઈનામમાં ટ્રોફી, ચંદ્રકો અને ગીફ્ટ આર્ટીકલના સ્પોન્સર કરવા બદલ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, ઉપપ્રમુખ શ્રી હરીલાલ સોની અને ઉત્કર્ષ મંડળ વતી શ્રી સુરેશભાઈ સોલંકી તેમજ વિડીયોગ્રાફી સ્પોન્સર માટે જયંતીબેન લહેરીકાંતને શાલ ઓઢાડી મહામંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી ચેતનકુમાર ઈશ્વરલાલ બારમેડાએ કરી હતી. સહાયક ઉદ્‌ઘોષક તરીકે સ્મિતાબેન બુધ્ધભટ્ટીએ સેવા આપી હતી. કાર્યક્રમની સફળતા માટે સર્વશ્રી શિશિરભાઈ હેડાઉ, ભરતકુમાર મુળજીભાઈ બુધ્ધભટ્ટી, સમીર કંસારા, હિતેશ બીજલાણી, પ્રદીપ બીજલાણી, કિશોરભાઈ ચૌહાણ, રવિન્દ્રભાઈ સોની, ઈશ્વરભાઈ હેડાઉ સહિત શિક્ષણ સમિતિના સભ્યોએ જહેમત લીધી હતી.

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા કલા સાંસ્કૃતિક સમિતિ આયોજીત તા. ૧૨-૧૨-૦૯ શનિવારે રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦ દરમિયાન ભુજ જ્ઞાતિના સહયોગથી અને ભુજ આંગણે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરેક ઘટકમાંથી વિવિધ કૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ અને કુલ ૧૧૦ કલાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કલા-સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન સુધા એ. બુધ્ધભટ્ટીએ મહેમાનોને આવકારી હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત ભક્તિ ડાન્સથી કરવામાં આવેલ. જેની સુંદર રજુઆત કુ. ખ્યાતિ શૈલેષકુમાર કંસારાએ કરી હતી.

***કલા છે ભોજ્ય મીઠી, ભક્તિ વિણ કલા નહીં,***
***કલાવાન છે કલા સાથે, ભક્તિ વિણ મળે નહીં.***

***– કલાપી.***

દરેક વ્યક્તિમાં કોઈપણ કલા છુપાયેલી હોય છે. કોઈ વ્યક્તિ સાહિત્યકાર હોય કે મ્યુઝીકમાં નિષ્ઠા હોય અથવા ડાન્સમાં નિપૂણ હોય – ટુંકમાં કંઈ પણ કલા છુપાયેલી હોય છે. આવા કેટલાય કલાકાર રત્નો આપણી જ્ઞાતિમાં છૂપાયેલા છે. આવા કલાકારોની કલાને જાગૃત કરવા મહામંડળ કલા સાંસ્કૃતિક સમિતિ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ઉપર્યુક્ત કાર્યક્રમમાં દરેક કૃતિઓની રજુઆત થઈ શકે તે હેતુથી દરેક ઘટકમાંથી વિવિધ કૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ. જેમાં ભક્તિ ડાન્સ, ક્લાસીકલ, સેમી ક્લાસીકલ, એકપાત્રીય અભિનય તેમજ અન્ય અનેરી કૃતિઓ રજૂ કરવામાં આવેલ. જેમાં સાબરકાંઠા - તલોદની બાળા ભક્તિ ધર્મેન્દ્રભાઈ સોનીએ બેડા ડાન્સ રજૂ કરી લોકોના દિલ જીતી લીધા હતા. આ ઉપરાંત દરેક કૃતિઓ વૈવિધ્યસભર તેમજ અવર્ણનીય રહી હતી. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતામાં છ વર્ષની બાળાઓથી માંડીને દરેક ઉંમરની વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહામંડળની પ્રગતિમાં એક અનેરો ઓપ આપ્યો હતો.

સમૂહ લગ્નની પૂર્વસંધ્યાએ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભુજ જ્ઞાતિએ યજમાન પદને અનેરું ઑપ આપ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારોને પ્રતીક ભેટ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી તરફથી આપવામાં આવેલ. ઉપરાંત સંભારણા સમી ડી.વી.ડી. તૈયાર કરવા સમગ્ર કાર્યક્રમની વિડીયોગ્રાફી ખર્ચ સ્વ. લહેરીકાંત હીરજી બારમેડા તરફથી કરવામાં આવેલ. વિશાળ મેદની વચ્ચે લોકોએ આ કાર્યક્રમને ઉત્સાહપૂર્વક માણ્યો હતો.

દિવસભરના કાર્યક્રમની વ્યવસ્થા શ્રી સુનીલભાઈ કંસારાના નેજા હેઠળ પાર પાડવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણી, શ્રી ચેતન આઈ. બારમેડા તેમજ શ્રી સુરેશભાઈ બીજલાણી અને રોહિણીબેન બુધ્ધભટ્ટીએ સંભાળ્યું હતું.

## ૨૪મો સમૂહ લગ્ન સમારોહ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા તા. ૧૩-૧૨-૨૦૦૯ રવિવારના રોજ ૨૪મો સમૂહ લગ્નોત્સવ ભુજમાં ટીનસીટી-મુંદ્રા રોડ મધ્યે ઉજવવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ૨૨ યુગલોએ પોતાના સંસારિક જીવનની શુભ શરૂઆત કરી હતી.

- **શુભારંભ :**

શ્રી જોગેશભાઇ મણિલાલ છત્રાળા દંપતિએ સવારે ૯.૩૦ કલાકે ગણેશપૂજા કરાવી હતી ત્યારબાદ પૂ. ગોરશ્રી સુમનભાઇ વ્યાસે મંત્રોચ્ચાર સાથે લગ્નવિધિ સંપન્ન કરી હતી. ભોજન સમારંભ બાદ બપોરે ૩.૩૦ કલાકે શ્રી ચંદ્રકાંતભાઇ ઓધવજી બારમેડાના પ્રમુખ સ્થાને સત્કાર સમારંભનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં દીપ પ્રાગટ્ય દાતાશ્રી શ્રી રસિકભાઇ ઝવેરીલાલ બુદ્ધભટ્ટીના વરદ્ હસ્તે



કરવામાં આવ્યો હતો. ખાસ આમંત્રિત મહેમાન તરીકે મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ કે. ગુજરાતી તેમજ ડો. શ્રી સુરેશભાઇ બુદ્ધભટ્ટી તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી અનિલભાઇ એમ. બીજલાણી-ભુજ, શ્રી અમૃતલાલ વી. કટ્ટા-માધાપર, શ્રી હંસરાજભાઇ ટી. કંસારા-અમદાવાદ, શ્રી મોહનલાલ બી. કટ્ટા-નખત્રાણા, શ્રી હરેશભાઇ એન. બારમેડા-માંડવી, શ્રી સુરેશભાઇ પી. વીસાપરમાર-અંજાર તથા કચ્છ ભા.જ.પા.ના મહામંત્રીશ્રી ભરતભાઇ બગ્ગા અને મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઇ સોલંકી તેમજ રાયપુર, મુંબઇ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, અંજાર, માંડવી, નખત્રાણા, પશ્ચિમ કચ્છ વગેરે અનેક ઘટકોના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- **ગોરશ્રીના આશિર્વચન :**

પૂ. ગોરશ્રી સુમનભાઇ વ્યાસના આશિર્વચનથી સમારંભનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણીએ નવદંપતીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "તમારા જીવનમાં એકબીજાને સમજવાની કોશિશ કરશો, કૌટુંબિક તથા સમાજ પ્રત્યેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવશો અને વડીલોની આમન્યા જાળવશો."

- **મેડિકલ કાયમી ફંડ :**

જ્ઞાતિ પ્રમુખશ્રીએ 'મેડિકલ કાયમી ફંડ'ની રચના કરવામાં આવશે તેવી વિશેષ જાહેરાત કરતા, સર્વે જ્ઞાતિજનોએ હર્ષભેર વધાવી હતી. જ્ઞાતિ પ્રમુખશ્રીએ મેડિકલ કાયમી ફંડ માટે રૂા. ૫૦ લાખનો લક્ષ્યાંક છે તે પાર પાડવા સર્વે જ્ઞાતિજનોને અપીલ કરી હતી.



જ્ઞાતિ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, આગામી ૨૫મા સમૂહલગ્નને 'રજત જયંતિ મહોત્સવ' અને 'સમાજ ગૌરવદિન' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તે કાર્યક્રમને ભવ્ય રીતે પાર પાડવા માટે કન્વીનર તરીકે શ્રી અમૃતલાલ જે. સોલંકી તથા મંત્રી તરીકે ચંદ્રકાન્તભાઇ ચનાણીની નિમણુક કરવામાં આવી છે. **રજતજયંતિ નિમિત્તે સમૂહલગ્નમાં જોડાનાર સર્વે કન્યાઓને ફ્રી પ્રવેશ આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવેલ.**

- **રજત જયંતિ લગ્નોત્સવ :**

શ્રી ચંદ્રકાન્તભાઇ ચનાણીએ રજત જયંતિ લગ્નોત્સવ અંગેની વિચારાધીન કાર્યક્રમ અને તે અંગેની વિસ્તૃત જાણકારી જ્ઞાતિજનોને આપી હતી અને તેમણે તન-મન-ધનથી સહકાર આપવા અપીલ કરી હતી.

***સમૂહલગ્ન રજત જયંતિના સહયોગી દાતાશ્રી તરીકે રાયપુરના શ્રી કિશોરભાઇ બાબુભાઇ બુદ્ધભટ્ટી પરિવાર તરફથી રૂા. ૧,૦૧,૦૧૧/- તથા સ્વ. લક્ષ્મીબેન જેરામદાસ હેડાઉ હ. દિલીપભાઇ તરફથી રૂા. ૧૧,૧૧૧/- આપવાની જાહેરાત કરવામાં આવી હતી.***

- **મેડીકલ કાયમી ફંડ માટે દાન સરવાણી :**

★ જ્ઞાતિ શિરોમણી શ્રી જટુભાઇ વેલજી ચનાણી પરિવાર તરફથી સ્વ. વનીતાબેન કિશોરભાઇ ચનાણીના સ્મરણાર્થે રૂા. ૫,૫૫,૫૫૫/-

★ શ્રી બિપીનચંદ્ર શિવજી બુદ્ધભટ્ટી રૂા. ૫૧,૦૦૦/-

★ શ્રી મોતીલાલ દેવકરણ બુદ્ધભટ્ટી રૂા. ૫૧,૦૦૦ /-

★ સ્વ. મણિલાલ જેરામ છત્રાળા પરિવાર રૂા. ૫૧,૦૦૦-

★ નાનાલાલ વિશ્રામ સોલંકી પરિવાર રૂા. ૨૫,૦૦૦/-

- **સમૂહ લગ્ન સહયોગી :**

૨૪મા સમૂહલગ્ન પ્રસંગે સહયોગી દાતાશ્રી તરીકે શ્રીમતી રમાબેન કનુભાઇ પોમલ-મુંબઇ (કંકોત્રી), સ્વ. મણિલાલ જેરામ છત્રાળા પરિવાર (ધાર્મિક), સ્વ. ઝવેરીલાલ શીવજી બુદ્ધભટ્ટી-ભુજ (જાહેરાત-સ્ટેશનરી)ના સૌજન્ય દાતાઓ તરફથી સહકાર મળેલ. તથા રૂા. ૨૫,૦૦૦/-, શ્રી પ્રફુલ્લભાઇ જે. બારમેડા તરફથી, રૂા.



૨૧,૦૦૦/-, કિશોરભાઇ બી. બુદ્ધભટ્ટી પરિવાર-રાયપુર, રૂા. ૧૫,૦૦૦/- સ્વ. દયારામભાઇ મૂળજી ચૌહાણ પરિવાર, સ્વ. જયંતીલાલ પરસોત્તમ બારમેડા રૂા. ૧૧,૦૦૦/-, શ્રી ચંદ્રકાન્ત ઓધવજી બારમેડા રૂા. ૧૧,૦૦૦/- બિહારીલાલ દામજી બગ્ગા રૂા. ૧૧,૦૦૦/-, શ્રી વાલજી ખેતશી ગુજરાતી રૂા. ૧૦,૦૦૦/- તરફથી મળેલ હતા.

- **સગાઇ રીવાજ પરિવર્તન પુરસ્કર્તા :**

ભુજ જ્ઞાતિ દ્વારા સગાઇના રીવાજોમાં કરવામાં આવેલ પરિવર્તન મુજબ પ્રથમ ત્રણ સગાઇ કરનાર જોડકાઓ સમૂહલગ્નમાં જોડાશે તો તેઓને ફ્રી પ્રવેશ આપવામાં આવશે તે જાહેરાત મુજબ ત્રણ જોડકાઓને ૨૪મા સમૂહલગ્નમાં ફ્રી પ્રવેશ આપવામાં આવેલ. જેમાં દાતાશ્રી જ્ઞાતિ શિરોમણી જટુભાઇ વેલજી ચનાણી પરિવાર તરફથી પ્રવેશ ફીના રૂા. ૨૪,૦૦૦/- આપવામાં આવ્યા હતા. તેમજ સગાઇના નવા નિયમ મુજબ પ્રથમ સગાઇ કરનાર શ્રી અને શ્રીમતી કૃણાલભાઇ ખાંસીનું સન્માન કરવામાં આવેલ. તેમજ એક્યુપ્રેશર તથા સુઝોક થેરાપીના કેમ્પનું આયોજન કરનાર સુરતના શ્રી આંબેડકર ટ્રસ્ટના કાર્યકર ભાઇ-બહેનોને પણ શાલ તથા મોમેન્ટો આપી જ્ઞાતિપ્રમુખ તથા મહિલામંડળના પ્રમુખના હસ્તે સન્માન કરવામાં આવેલ.

- **વસ્તીપત્રક તેમજ જ્ઞાતિ સેતુ વિતરણ :**

૨૪મા સમૂહ લગ્નોત્સવમાં ભુજ જ્ઞાતિ તરફથી બહાર પાડવામાં આવેલ વસ્તીપત્રક તથા સી.ડી.નું વેચાણ કરવામાં આવેલ તથા અમદાવાદથી બહાર પડતા જ્ઞાતિ સેતુ અંકનો સ્ટોલ રાખવામાં આવેલ.

જ્ઞાતિજનો તરફથી નવદંપતીઓને ૩૯ ભેટો તથા ગૌદાનના રૂા. ૧૮૦૦/- દરેક કન્યાઓને મળેલ હતા તેમજ જ્ઞાતિ તરફથી દરેક લગ્નને રજીસ્ટ્રેશન કરાવી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ આપવામાં આવેલ. સાંજે ૫.૩૦ કલાકે કન્યાઓને વિદાય આપી હતી.

સમૂહલગ્ન સમિતિ, જ્ઞાતિ કારોબારી, યુવકમંડળ, મહિલામંડળના સભ્યો તેમજ જ્ઞાતિના નામી અનામી ૨૦૦ જેટલા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

કન્વીનર હર્ષદભાઇ ઝવેરીલાલ બુદ્ધભટ્ટીએ નવદંપતિઓને શુભેચ્છા પાઠવી તેમજ સુંદર આયોજન બદલ નવયુવાન કાર્યકરોને બિરદાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમૂહલગ્નના મંત્રી શ્રી ચેતન ઇશ્વરલાલ બારમેડાએ કર્યું હતું.



## *ભુજ ખાતે સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલા પાડેલ નવદંપતિને અર્પણ*

### "દંપતિનું સુખ"

દંપતિ પરસ્પર રાખે સંપ તેથી વધે સંપત્તિ,
"વિના સહકાર નહિ ઉદ્ધાર" મનમાં રાખો દૃઢ નિરધાર

સાદગી અને સાદાઇ, સ્વચ્છતા છે સારા સંસ્કાર
મહેનત પારસમણિ છે સર્વ સુખ લાવે અપરંપાર,

વ્યસન અને ફેશનથી હંમેશા રહેજો દૂર
"રોગથી બચી જશુ" તે છે એનો સાચો સૂર

અદેખાઇ છે એક આગ, ઉજાડે છે કુટુંબનો બાગ
દેખાદેખી પણ છે આપત્તિ, લાવે છે એજ વિપત્તિ

સંશય કરશો ના મનમાં સુખ રહેશે સદા તનમાં
તન-મન-ધન જળવાશે હંમેશા જીવનમાં

તંદુરસ્ત તન એજ શ્રેષ્ઠ છે સૌની સંપત્તિ
વિચાર રાખો સારા મનમાં ને બનો શ્રેષ્ઠ દંપતિ

હે ઇશ્વર માગુ છું એટલું તું સૌને સદ્‌બુદ્ધિ આપ; મારૂ કંસારા સોની સમાજની પ્રગતિ થાય આપોઆપ.

***વીરેન્દ્ર એસ. પોમલ - અંજાર***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ (મહિલા) મંડળ - ભુજ

## નવરાત્રી ઉત્સવ



*નવરાત્રી મહોત્સવ-૨૦૦૯ના નવમા નોરતે દાતાઓની હાજરી.*



*નવરાત્રી મહોત્સવ-૨૦૦૯માં રાસ રમતી બહેનો*



*જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીના હસ્તે સન્માન સ્વીકારતા નોબત વાદક શ્રી પ્રતાપભાઈ બિજલાણી.*



*હિલ ગાર્ડન મધ્યે નવરાત્રી મહોત્સવ દરમ્યાન રોટરી ક્લબ આયોજીત રાસ-ગરબા હરીફાઈમાં ૨૮ ટીમોમાંથી પ્રથમ ક્રમે આવનારી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજની ટીમ*

જેમ જેમ ચોમાસું પૂરું થતું ગયું વર્ષાની હેલીઓ પણ જાણે થંભી ગઇ અને આવી આસોની નવલી નવરાત્રી. હા, એજ નવરાત્રી જેમાં મા અંબા પોતાની સખીઓ-સાહેલીઓ સાથે ગરબે ઘૂમે છે અને પોતાના ભક્તોને શુભાશિષ આપે છે. નવરાત્રી એટલે ફક્ત નવ દિવસો સુધી મા અંબાની આરાધના કરવી એવું નથી. મા અંબા તો સદાય આપણા હ્રદયસ્થાને બિરાજે છે. એનું તો જેટલીવાર નામ લેવાય એટલું ઓછું છે. મા સદાય આપે છે. માંગે છે તો ફક્ત સત્કર્મ અને સદાચાર પોતાના ભક્તો પાસેથી.

આવી જ નવલી નવરાત્રીની ઉજવણી કરી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ, ભુજની બહેનોએ. માલતીબેન એન. ગુજરાતી અને રીટાબેન ડી. બુદ્ધભટ્ટીના અધ્યક્ષપણા હેઠળ આ મહોત્સવ સતત નવ દિવસ સુધી ઉજવાયો. બાળકોથી કરી મોટી ઉંમરની બહેનોએ પણ નિઃસંકોચ આ મહોત્સવમાં ઉમંગભેર ભાગ લીધો. જ્ઞાતિના મુખ્યદાતાઓ શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રી જટુભાઈ વેલજી ચનાણી, શ્રી મગનભાઈ વેલજી ચનાણી, શ્રી ઇશ્વરલાલ નરભેરામ સોલંકી, શ્રી હરીરામ રવજી સોલંકી, શ્રી ઓધવજી રતનશી, રસિકભાઈ જે. બુદ્ધભટ્ટી, શ્રી જમનાદાસ કરસનદાસ, શ્રી માવજી શિવજી બુદ્ધભટ્ટી વગેરે પરિવારો તરફથી ફાળો પ્રાપ્ત થતાં આ મહોત્સવ ખૂબજ રંગેચંગે ઉજવાયો. દરરોજ પ્રથમ નાના બાળકોના રાઉન્ડ, ત્યારબાદ ૧૨ વર્ષથી ૨૦ વર્ષ સુધીની બહેનો અને ત્યારબાદ ૨૧ થી ઉપરની બહેનોના રાઉન્ડ આમ દરરોજ ત્રણ રાઉન્ડ રમાતા, જેમાં વેલડ્રેસ - વેલ પ્લેયર એમ ઇનામો અપાતા. દાતાઓએ પ્રથમ દિવસે આરતીનો લાભ લીધો હતો. વિવિધ સંસ્થાઓ તરફથી યોજાયેલ ગરબા સ્પર્ધાઓમાં પણ આ વર્ષે મારૂ કંસારા સોની જ્ઞાતિની બહેનોએ પ્રથમ નંબર મેળવ્યો હતો. રોટરી કલબ આયોજિત સ્પર્ધામાં પણ ૨૮ વિવિધ સંસ્થાઓને પાછળ રાખીને આપણા મહિલામંડળે પ્રથમ નંબર મેળવ્યો હતો. સાતમા નોરતે યોજાયેલ આરતી શણગાર હરિફાઇમાં પણ ઘણી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પણ પ્રથમ, દ્વિતીય એમ બે ઇનામો આપવામાં આવ્યા.

***આરતી શણગાર હરીફાઇના વિજેતાઓ :***

પ્રથમ : માનસી પ્રાણજીવન બુદ્ધભટ્ટી

દ્વિતીય : પ્રીતીબેન ભરત બગ્ગા

સંગીતની રમઝટ નોબત પર શ્રી પ્રતાપભાઇ બીજલાણી, ઓરગન પર શ્રી તરુણભાઇ બીજલાણી તથા ઓક્ટોપેડ પર વિશાલ એન. ગુજરાતીએ બોલાવી હતી. કુ. સુધાબેન એ. બુદ્ધભટ્ટીએ પોતાના મધુર કંઠથી શ્રોતાઓ તથા ખેલાડીઓને ડોલાવ્યા હતા.

આઠમા નોરતે રાસ-ગરબા હરીફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે : ફ્રેન્ડસ ગ્રુપ, દ્વિતીય ક્રમે - મૈત્રી ગ્રુપ, તૃતીય ક્રમે - આઇયાનગર ગ્રુપ.

નવમા નોરતે સર્વ વિજેતાઓને ઇનામ વિતરણ દાતાઓના હસ્તે કરવામાં આવ્યું હતું. મંચ પર સર્વશ્રી જ્ઞાતિપ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણી, નીતીનભાઇ હેડાઉ, હર્ષદભાઇ ચનાણી, સુનીલભાઇ કંસારા, પ્રદીપભાઇ ચનાણી, સુનંદાબેન ચનાણી, લતાબેન સોલંકી, ઇન્દુભાઇ સોલંકી, ભાવનાબેન ચનાણી, જયશ્રીબેન ચનાણી વગેરેના હસ્તે વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રોહિણી બુદ્ધભટ્ટીએ કર્યું હતું. દરરોજ વ્યવસ્થા સંભાળવામાં રાજેશભાઇ વિશનજી બુદ્ધભટ્ટીનો સાથ સહકાર સાંપડ્યો હતો. નવમા નોરતે સર્વે સંગીતના સાજીંદાઓ તેમજ કાર્યકર ભાઇઓનું પણ સન્માન જ્ઞાતિપ્રમુખ શ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ તરફથી હિલગાર્ડન મધ્યે ગરબા હરીફાઇમાં ભાગ લેનાર

બહેનોના નામ આ પ્રમાણે છે.

જયશ્રી છત્રાળા, શીતલ બુદ્ધભટ્ટી, ખુશાલી એસ. બુદ્ધભટ્ટી, માલતી એન. ગુજરાતી, ઉર્વશી હેડાઉ, પ્રિયંકા હેડાઉ, પ્રિયા ચનાણી, કોમલ ચનાણી, કુંતલ ચનાણી, જુલી ચનાણી, હિરલ ચૌહાણ, ભાવીના પોમલ, ખુશાલી ડી. બુદ્ધભટ્ટી, કવિતા સોલંકી, ગીતા મૈચા. દરરોજ બાળકોને જ્ઞાતિના જ વિવિધ કુટુંબો તરફથી વસ્તુઓની લ્હાણી કરવામાં આવતી હતી. જેથી બાળકોના ઉત્સાહમાં વધારો થતો હતો. આમ બાળકો-બહેનોને રમવાનો ઉમળકો જોઇને ખુશી-આનંદમાં ઓર વધારો થતો હતો. જ્ઞાતિજનોના સાથ સહકારથી આ મહોત્સવ ખરેખર સફળતા પામ્યો.

કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન, અરૂણાબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, નીલાબેન પોમલ, ભાવનાબેન ચનાણી, જયશ્રીબેન બુદ્ધભટ્ટી, રોહિણીબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, નયનાબેન ચનાણી, રીટાબેન ડી. બુદ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, જયેષ્ઠાબેન સોની, સુધાબેન બુદ્ધભટ્ટી વગેરે સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. દાતાઓનું પણ નવમા નોરતે મહિલા મંડળના હોદ્દેદારો - સભ્યોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

*કાર્યક્રમના અહેવાલ સમયસર મળે તો, સમયાનુકુળ લાગે, તો વધુ સારું રહે. તેમ છતાં આ અહેવાલ અત્યંત મહત્ત્વનો અને માહિતીસભર હોઇ, તેમજ મહિલામંડળની પ્રવૃત્તિઓને બને તેટલી વધુ પ્રસિદ્ધિ આપવાની અમારી નેમ હોવાથી મોડો મોડો પણ આ અહેવાલ પ્રકાશીત કર્યો છે. વાચકો 'સમય' બાબત દરગુજર કરી, અહેવાલમાં સમાયેલ પ્રવૃત્તિ અને પ્રસ્તુતિને દાદ આપશે તેવી અપેક્ષા.*

***– મુખ્ય તંત્રી***

★

જેમ જેમ વર્ષાઋતુ સમાપ્ત થતી ગઇ તેમ તેમ જાણે આસોની નવલી નવરાત્રીઓ પણ રૂમઝૂમ કરતા પગલે સમાપ્ત થઇ ગઇ. અને નૂતન વર્ષની શરૂઆતની આલબેલ પોકારતું દિપોત્સવ પણ મહિલામંડળે ઉજવ્યું. હા, સ્નેહમિલન યોજીને જ સ્તો! દિપાવલીના ઉમંગભર્યા દિવસો અને જહેમત માંગી લે તેવા ગૃહકાર્યોની સમાપ્તી પછી અમારા મહિલા મંડળે સ્નેહ મિલનનું આયોજન મહિલાઓ અને બાળકો માટે વિવિધ રમતો અને સ્પર્ધાઓ યોજીને કર્યું. તા. ૨૪-૧૦-૦૯ના રોજ સાંજે ૪.૦૦ કલાકથી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લગભગ ૧૨૫ થી વધુ બાળકો તેમજ બહેનોએ ભાગ લીધો હતો. નાના બાળકો માટે બે ગેમ્સ તેમજ બહેનો માટે ચાર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના દાતા શ્રીમતી વિઠ્ઠલાબેન બારમેડા રહ્યા હતા. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

- **બાળકો**

***૧. સીક્કા હરીફાઇ***

પ્રથમ : રીમા સાકરીયા, દ્વિતીય : ખુશાલી બુદ્ધભટ્ટી

***૨. મીણબત્તી હરીફાઇ***

પ્રથમ : કટ્ટા કુનાલ, દ્વિતીય : પરમાર વત્સલ

- **બહેનો**

***૧. વટાણા શોધ હરીફાઇ***

પ્રથમ : ઊર્વી હેડાઉ, દ્વિતીય : ખુશી પોમલ

***૨. દિવાસળી હરીફાઇ***

પ્રથમ : જયશ્રી છત્રાળા, દ્વિતીય : રીટા બુદ્ધભટ્ટી

***૩. થાળી હરીફાઇ***

પ્રથમ : કવિતા પોમલ, દ્વિતીય : ગીતા મૈયા

***૪. હાઉસી***

વિજેતાઓ : નિકીતા બુદ્ધભટ્ટી, કોમલ કટ્ટા, ગીતા હેડાઉ, પોમલ ફાલ્ગુની, જયશ્રી બગ્ગા, અરૂણા બુદ્ધભટ્ટી.

દરેક વિજેતાઓને વિઠ્ઠલાબેન બારમેડાને હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિણી ભરત બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ભાવનાબેન ચનાણી, નીલાબેન પોમલ, અરૂણાબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, જયેષ્ઠાબેન વગેરેએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમને અંતે રોહિણી બુદ્ધભટ્ટીએ આભારવિધિ કરી હતી. એ જ દિવસે રાત્રે ૮.૦૦ કલાકથી ભોજન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કેટરિંગની વ્યવસ્થા કુ. જયશ્રીબેન જે. બુદ્ધભટ્ટીએ સંભાળી હતી. લગભગ ૧૫૦ થી વધુ જ્ઞાતિજનોએ સ્નેહમિલનમાં ભોજન લીધું હતું. રાત્રે ૧૨.૦૦ કલાકે કાર્યક્રમની સમાપ્તી થઇ હતી, આમ મહિલામંડળે દર વર્ષની જેમ નવા વર્ષની ઉમંગથી ઉજવણી કરવાની નેમ સાથે સ્નેહમિલન ઉજવ્યું. ***રોહિણી બુદ્ધભટ્ટી - મંત્રી***





*તા. ૨૪-૧૦-૦૯ના રોજ સ્નેહ મિલનમાં બહેનો, બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## મહાકાલીકા માતાજી પાટોત્સવ





શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ દ્વારા પોષ સુદ ૧૪, તા. ૩૦-૧૨-૦૯, રવિવારના રોજ ૩૬૮મો શ્રી મહાકાલીકા માતાજીનો પાટોત્સવ ઉત્સાહપૂર્વક અને ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ મહાન ઉત્સવ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે માતાજીને પંચામૃત કેસર સ્નાનથી ઉજવણીની શુભ શરૂઆત કરવામાં આવી. સવારે ૯.૩૦ કલાકે માતાજીની શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. જે શહેરના વિવિધ સ્થળોએ ફરી બપોરે ૧૨.૩૦ કલાકે મંદિરમાં પધરામણી કરી. સવારે ૧૦.૦૦ કલાકે હવનની શુભ શરૂઆત કરવામાં આવી જેની પૂર્ણાહૂતિ બપોરે ૧૨.૪૫ કલાકે થયેલ. ત્યારબાદ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ જે. ચનાણી તથા મંત્રીશ્રી દિલીપભાઇ કે. બગ્ગાએ હવનમાં બેઠેલા યજમાનો શ્રી જગદીશચંદ્ર કેશવલાલ બુદ્ધભટ્ટી, શ્રી મુળજીભાઇ નાનાલાલ કટ્ટા, શ્રી ધીરજલાલ મગનલાલ બુદ્ધભટ્ટી તેમજ શ્રી શૈલેશભાઇ રમણીકલાલ પરમારને પરંપરા મુજબ પહેરામણી આપીને અભિવાદન કરવામાં આવ્યા હતા. ત્યારપછી મહાકાલીકા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. આરતી બાદ ચનાણી પાર્ટી પ્લોટમાં તેમજ મંદિર સંકુલ પાસેની ખુલ્લી જગ્યામાં મહાપ્રસાદનો બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

સાંજે શ્રી મહાકાલીકા મંદિરમાં મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હની ટ્યુનના શ્રી મયુર પોમલ તથા શ્રી ધ્રુવ પોમલે ઓરકેસ્ટ્રાના સંગાથે મહાઆરતીને દીપાવી હતી. મહાઆરતીના દર્શનનો સર્વે જ્ઞાતિજનો લાભ લઇ શકે તે માટે સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા સાધના સ્ટુડિયોવાળા શ્રી જય કિસનભાઇ છત્રાળા દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ, યુવક મંડળ ભુજ અને માધાપર, તથા મહિલા મંડળ પ્રમુખશ્રી તથા સર્વે કારોબારી સભ્યો તેમજ કાર્યકર ભાઇ બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી.

***દિલીપ બગ્ગા - મંત્રી***

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઇ

તા. ૧૫-૧૧-૦૯ ના રોજ મુંબઇમાં સ્નેહમિલન ઉત્સાહ અને આનંદથી યોજાયું. તેમાં વિશેષ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇની હાજરીએ ઉત્સાહમાં વધારો કર્યો. એમની સાથે નખત્રાણાના ભરતભાઇ બગ્ગા અને અંજારના પૂર્વ પ્રમુખ શિવલાલભાઇ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમની સારી રજૂઆત થઇ. ઉત્તીર્ણ થયેલા બાળકો તથા બાલિકાઓનું સન્માન કર્યું. ત્યારપછી નવા પ્રમુખ તરીકે જયંતિભાઇ સકરીઆની સર્વાનુમતે વરણી થઇ. ત્યારબાદ સ્નેહભોજન લઇ બધાએ આનંદ કર્યો.

- **નવી કારોબારી**

| | | |
|---|---|---|
| ***પ્રમુખ*** | : જયંતિભાઇ ટી. સકરીયા | મો. ૯૯૬૯૮૪૦૩૪૫ |
| ***ઉપપ્રમુખ*** | : કાંતિભાઈભાઇ ભા. બીજલાણી | મો. ૯૩૨૨૧૧૯૯૬૮ |
| ***ખજાનચી*** | : રાજેશ ના. સકરીયા | મો. ૯૯૬૯૬૧૯૮૩૮ |
| ***સહખજાનચી*** | : ઉમેશભાઇ હ. છત્રાળા | મો. ૯૮૬૮૧૮૧૬૯૬ |
| ***મંત્રી*** | : ભરતભાઇ ગો. બારમેડા | મો. ૯૮૨૦૧૭૪૩૩૪ |
| ***સહમંત્રી*** | : મનસુખ સું. બુદ્ધભટ્ટી | મો. ૯૯૩૦૩૩૧૯૬૦ |

***કારોબારી સભ્યો***

| | |
|---|---|
| વીણાબેન વી. બગા | ફોન - ૨૫૪૪૪૪૨૫ |
| મંગળાબેન જા. મૈચા | મો. ૯૩૨૦૪૫૦૦૫૫ |
| નરોત્તમભાઇ લી. છત્રાળા | મો. ૯૮૬૯૫૧૦૦૦૬ |
| અમૃતલાલ મ. બુદ્ધભટ્ટી | મો. ૯૮૨૧૯૮૨૧૯૬ |
| મનોજભાઇ ન. કટ્ટા | મો. ૯૯૬૯૬૬૨૨૦૨ |
| ભરતભાઇ ર. બુદ્ધભટ્ટી | મો. ૯૩૨૪૦૨૫૪૭૮ |
| પીયુષભાઇ વ. બારમેડા | મો. ૯૮૬૮૭૨૫૫૨૮ |
| લક્ષ્મીકાંત જે. કોટડીયા | મો. ૯૮૨૪૪૭૪૧૧૧ |
| મહેશભાઇ ઘ. બુદ્ધભટ્ટી | મો. ૯૮૯૨૬૩૪૫૩૪ |

***ભરતભાઇ ગોપાલભાઇ બારમેડા - મંત્રી***

# સમાજનું પ્રતિબિંબ - સમૂહ લગ્ન

**શ્રી હીરાલાલ મોહનલાલ સોની (બગા) - નખત્રાણા**

*જે હવે સમૂહ રીસેપ્સન તરફ અંગૂલી નિર્દેશ કરે છે. જુઓ કોણ પહેલ કરે છે?*

સમૂહ લગ્ન એ સમાજના જરૂરતમંદ લોકોને મદદરૂપ થવા માટેનું ઉમદા સાધન છે. જેની સફળતા આયોજકોની નિખાલસતા અને ઉદારતા ઉપર અવલંબે છે. અને તેમની સમાજ સેવાની ઝલક પ્રતિપાદિત થાય છે. તેથી જ તો સમૂહ લગ્ન સમાજનું પ્રતિબિંબ સમાન છે. સમાજના લોકો એક જગ્યાએ એકઠા થાય, ત્યાં એક સમાજના અલગ અલગ કુટુંબોમાંથી આવતા નાનામોટા લોકોનો જમાવડો અને વેશભૂષા, રહેણી-કરણી, આચાર-વિચાર, હાવભાવ, હળવા-મળવાની રીતભાત, બોલવા ચાલવાની કે બોલાવા કરવાની રીતભાત આંખે તરી આવતી જોવા મળે છે. સમાજનું સમૂહ પવિત્ર ગંગાનો પ્રવાહ છે. જેમાં ડૂબકી મારી અનેક પવિત્ર થતા હોવાનો અહેસાસ અનુભવે છે. સમૂહ લગ્નમાં જાણે દીકરીને જાન લઇને પરણાવા લઇ આવ્યા?

- **નિરર્થક ખર્ચની બચત :**

સમૂહ લગ્ન એટલે ઓછા ખર્ચે થાય તેવા લગ્ન. જેથી સમાજના લોકોને કરવા પડતા ખોટા વધારાના ખર્ચમાંથી રાહત મળે. બિનજરૂરી ખરચાઓથી બચવા માટેનું આયોજન એટલે સમૂહ લગ્ન. પરંતુ આજકાલ સમૂહ લગ્નમાં જોડાયા હોવા છતાં દિકરી પક્ષવાળા પોતાના સગા સંબંધીઓને સમૂહ લગ્નના લગ્નની તારીખથી આગલા દિવસે પોતાના ઘેર આમંત્રિત કરીને કેટલીક ધાર્મિક વિધિ તથા અન્ય તજવિજ, આગતા સ્વાગતા, ભોજન સમારંભ, પહેરામણી વિગેરે કરતા હોય છે. અને બીજા દિવસે તમામ મહેમાનોને સમૂહ લગ્નમાં લઇ જવા માટે નાનામોટા વાહનોની સગવડ કરીને, વહાલસોઇ દિકરીને પરણાવા લઇ જતા હોય છે. એટલે કે, દિકરીને પરણાવા માટે પણ હવે જાન લઇને સમૂહ લગ્નના સ્થળે પહોંચતા ભાગ લેનાર દિકરી પક્ષવાળાની આવી જાન પણ એક અનિવાર્ય અંગ બનતું જોવા મળે છે. દિકરીને તો પરણાવી, વિદાય કર્યા પછી તેમની સાથે આવેલા મહેમાનોને પાછા પોતાની સાથે લઇ જઇ પોતાના ઘેર પૂરતી આગતા સ્વાગતા કર્યા પછી વિદાય કરે છે.

આ પ્રકારની નવી રીત રસમનો બીજો અર્થ શું? દિકરી વાળાને પોતાના ઘેર લગ્ન કરવા સસ્તા પડે કે સમૂહમાં? સમૂહ લગ્નના આયોજકોને પણ આવી બાબતે આંખ આડા કાન કરવા પડે છે. અન્યથા સમૂહ લગ્નમાં કડક નિયમો હોય તો ભાગ લેનારાની સંખ્યા ઘટી જાય. આ રીતે ભાગ લેનારાની સંખ્યા ઘટી જાય તો સમૂહ લગ્ન યોજાતા બંધ થાય. સમૂહ લગ્નને ટકાવી રાખવા માટે સીધા સાદા નિયમો હોય, પરંતુ ભાગ લેનારને પોતાને ત્યાં વધારાની જે વિધિ કે, રીસેપ્સન વિગેરે રાખવાની પણ છૂટ હોય. એજ સમયનો તકાદો છે.

આજકાલ કોઇને કાંઇ કહેવું કે નિયમોમાં બાંધવા અઘરા છે. તેથી જ તો અનેક મહાનુભાવો કહેતા હોય છે કે, આજકાલ સરળ નિયમો વાળા સમૂહ લગ્ન એક ફેશન થઇ પડી છે. અલબત્ત દરેક લોકો આવું નથી કરતા હોતા પણ હવે દેખાદેખીના કારણે કે, 'ફલાણાએ આવું કરેલ તેથી આપણી દીકરીના લગ્નમાં આપણે એ રીતે નહીં કરીએ તો ખરાબ લાગશે' જેવા ઉદ્દગારો મહિલા વિભાગમાંથી ઉદ્દભવવાનું પ્રમાણ વધુ હોવાનું તારણ છે. તેથી દિવસેને દિવસે સ્વયંભૂ વધુ છૂટછાટ ભાગ લેનારા લઇ લેતા હોય છે. જેની અસર અન્ય ભાગ લેનારા ઉપર પડતી હોય છે. છતાં બધું ચલાવી લેવામાં આવે છે.

- **આશીર્વાદરૂપ વ્યવસ્થા :**

દરેક સમાજમાં અનેક ગરીબ કુટુંબો છે. બધાજ શાહુકાર બની જાય તો અર્થતંત્ર ઉપર વિપરીત અસર પડે. રામાયણ અને મહાભારતના વખતમાં પણ ગરીબાઇ હતી. અને સોના ચાંદીના દાગીનાના દાન પણ તે વખતે અપાયેલ છે. આનો હેતુ એ છે કે, સમાજમાં રહેલા અનેક ગરીબ કુટુંબો માટે સમૂહ લગ્ન આશિર્વાદ રૂપ છે અને અતિ આવશ્યક છે. કડવી તે લીંબડીમાં મીઠી એક ડાળ છે. બીજા જીલ્લા કે બીજા રાજયમાંથી આવીને સમૂહ લગ્નમાં જોડાતા પક્ષોને તૈયારી વિગેરેની અનેક વિટંબણાઓમાંથી છુટકારો મળે છે. અને મનવાંછીત સરળતાથી, નહીં જેવી મહેનતે પ્રસંગ પાર પાડવાનો લહાવો લઇ ધન્યતા અનુભવે છે. ભાઇ ભાઇ વચ્ચે અણબનાવ હોય કે નાનકડા ગામમાં અન્યથી અણબોલા હોય ત્યારે આવા કુટુંબો માટે સમૂહ લગ્ન આશીર્વાદ રૂપ પુરવાર થાય છે. ગરીબ હોય કે શાહુકાર ભેદભાવ વિના સમૂહ લગ્નમાં જોડાવાનું હોય છે અને આ રીતે જોડાતા હોય છે. સમૂહ લગ્નની સફળતા કે વરસો વરસ ચાલુ રહેવા માટે આયોજકોની ઉદારતા અને દાતાઓની સખાવત મુખ્ય પરિબળ છે.

- **સમૂહ લગ્ન એટલે પસંદગી મેળાનું એક સરળ માધ્યમ:**

સમૂહ લગ્નના મેળાવડામાં સમાજનું પ્રતિબિંબ ઉપસી આવે છે. જે આ મેળાવડામાં સમાજના દરેક કુટુંબો પોતાની મૂળભૂત રહેણી કરણી જાણે કે અજાણે છતી કરે છે. અનુભવી વડિલો તેમાંથી તારણ મેળવતા હોય છે. ઉંમર લાયક છોકરા છોકરીઓને એકબીજાના પૂરક પાત્રો મેળવવા માટે અતિ અગત્યનું અને બિનજાહેર કે બિન ખરચાળ, વડીલો માટે ઉમદા સ્થળ પુરવાર થઇ રહેલ છે. અનેક સંબંધો નક્કી થતા હોવાનું, કબૂલાત નામું જગજાહેર છે. ઉંમરલાયક છોકરા-છોકરીના અનેક વડિલો સમૂહ લગ્નના દિવસની રાહ જોતા હોય છે. એક કરતાં વધુ અને અનેક પાત્રો સમૂહ લગ્નના મેળાવડામાં જોઇને સંતોષ અનુભવતા હોય છે કે, તે જ દિવસે અથવા નજીકના દિવસોમાં સંબંધ નક્કી કરી સગાઇ કરતા હોય છે. અને આવી અનેક સગાઇ સંબંધો આવા સમૂહ લગ્નના મેળાવડામાંથી ઉદ્દભવતા હોય છે. જયારે પસંદગી મેળાનું ખાસ અલાયદુ આયોજન કરેલ હોય ત્યારે અનેક ઉંમરલાયક છોકરા કે છોકરી અથવા વડિલો અનેક કારણોસર પસંદગી મેળામાં ભાગ લેવાનું ટાળતા હોય છે કે અચકાતા હોય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર

## મહાકાલીકા માતાજીનો પાટોત્સવ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના કુળદેવી શ્રી મહાકાલીકા માતાજીના પાટોત્સવની પોષ સુદ-૧૪, બુધવાર તા. ૩૦-૧૨-૦૯ના રોજ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગ નિમિત્તે પૂર્વસંધ્યાએ મહિલા મંડળ દ્વારા રાસ-ગરબા તથા દાંડિયા રાસનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. ગંગા નાકા પાસે જ્ઞાતિની વાડીમાં આ પ્રસંગે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી રાસ-ગરબામાં ભાગ લીધો હતો. જ્યારે તા. ૩૦-૧૨નાં રોજ સર્વે જ્ઞાતિજનોએ પોતાનાં વ્યવસાય, ધંધા બંધ રાખી સવારથી જ ગંગા બજાર સ્થિત માતાજીનાં મંદિર ખાતે યોજેલ હવન, મહાઆરતી, રવાડીમાં ઉમંગભેર ભાગ લીધો હતો. હવનના યજમાન શ્રી હેમેન્દ્રભાઈ કટ્ટા રહ્યા હતા.





આ પ્રસંગે શહેરના મુખ્ય માર્ગો પરથી માતાજીની રવાડી પસાર કરવામાં આવી હતી. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. રવાડી ગંગાબજાર સ્થિત મહાકાલીકા માતાજીના મંદિરેથી શરૂ થઈ મચ્છીપીઠ, મોહનરાય ચોક, માધવરાય ચોક, કસ્ટમ ચોક, ગંગા બજાર થઈ માતાજીના મંદિરે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ માધવરાયજી મંદિરના આરતી વંદના વૃંદ દ્વારા સંગીતમય મહાઆરતી કરવામાં આવી હતી અને બપોરે જ્ઞાતિની વાડી ખાતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અંજાર ઘટકમાં સમાવિષ્ટ અંજાર ઉપરાંત ગાંધીધામ, આદિપુર, ભચાઉ, મુંદ્રા તથા આસપાસના ગામોના આશરે ૧૨૦૦થી ૧૫૦૦ વ્યક્તિઓ - જ્ઞાતિજનોએ આ પર્વની ઉજવણીમાં ભાગ લીધો હતો.

આ પર્વની ઉજવણી માટે જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસાપરમાર, મંત્રી શ્રી ભરતભાઈ ચત્રભુજ ગોહીલ, શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી, પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા, અનિલભાઈ શંકરલાલ બગ્ગા, જગદીશભાઈ હરીલાલ છત્રાળા, શિવલાલભાઈ શામજીભાઈ મૈચા, શશીકાંતભાઈ મનસુખભાઈ બારમેડા, કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ, નવીનભાઈ નરોત્તમભાઈ બારમેડા, શાંતિલાલ હંસરાજભાઈ બુધ્ધભટ્ટી, ઈશ્વરલાલ વેલજીભાઈ બારમેડા, શ્રી દિનેશભાઈ રાઘવજીભાઈ સાકરીયા, શ્રી સંજયભાઈ અમૃતલાલ બારમેડા, શ્રી ચમનલાલ સોલંકી, શ્રી નરેન્દ્રભાઈ વાલજીભાઈ બુધ્ધભટ્ટી, રમેશભાઈ મોનજીભાઈ બુધ્ધભટ્ટી, હરીશભાઈ વેલજીભાઈ મૈચા ઉપરાંત મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા, અંજનાબેન નરેશભાઈ પોમલ, પીંકીબેન નિખીલભાઈ કટ્ટા વિ.એ જહેમત ઉઠાવી હતી.

### સમાજનું પ્રતિબિંબ - સમૂહ લગ્ન

(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)

- **એક સમૂહ લગ્ન પ્રસંગનું વિહંગાવલોકન :**

સમૂહ લગ્નમાં જાવું એટલે અવનવી સામાજિક માહિતી કે સામાજિક સમાચારોનો પટારો જાણે ખુલ્યો હોય. પચીસ કે પચાસ નવા વર-વધુ પરણવા આવ્યા હોય એટલે દરેક કુટુંબના સગાસંબંધીઓ પણ ઉમટ્યા હોય. આમંત્રિતો, આગેવાનો, નાનામોટા કાર્યકરો, આબાલ વૃદ્ધ, બાળકોથી માંડી વૃદ્ધો પણ આ મેળાવડામાં અવનવા પોષાકમાં આવ્યા હોય. માંડવે લગ્ન વિધિ ચાલતી હોય, ક્યાંક નવા સંબંધો માટે ચર્ચા કે વિચારણા ચાલતી હોય. આ વાતાવરણમાં ફરતાં ફરતાં એક જગ્યાએ કોઇ ઓળખીતા મળ્યા, રામરામ કર્યા, વાતોમાં વળગ્યા તો બાજુમાં ઉભેલી કેટલીક મહિલાઓ વાતો કરતાં કોઇ બીજાને પૂછી રહી હતી, તારા પપ્પાની અટક શું? જવાબ સાંભળી બીજો પ્રશ્ન કર્યો આ અટક તો આપણા સમાજમાં સાંભળી નથી. એટલે જવાબ આપનારે શરમાઇ જતાં જણાવેલ કે, મારા લવ મેરેજ હતા.

આગળ જતાં, કોઇક જાણીતા ઘણા વરસે મળ્યા, રામરામ કરતાં પૂછે છે, ઓળખ્યા? પણ ખ્યાલ નહીં આવતાં પોતેજ ઓળખાણ આપી. એટલે ૨૭ વરસ પહેલાની ઓળખાણ તાજી થઇ. અને તેમણે જ જણાવ્યું કે, આ સમૂહ લગ્નમાં માંડવા નંબર ફલાણા વાળાના આવતી કાલે રીસેપ્શનમાં જવાનું છે. તેવા આ સમૂહ લગ્નમાં જોડાયેલા ૬ જેટલા અલગ અલગ રીસેપ્શનમાં મારે જવાનું છે. દરેક જણ મારા નજીકના સગા છે. આમ તો આ સમૂહ લગ્નમાં પરણતા હોય તેવા નવ જેટલા સંબંધીઓમાંથી આમંત્રણ છે. પરંતુ ગમે તેમ કરીને વધુમાં વધુ ૬ રીસેપ્શનમાં પહોંચી શકીશ. વારે ઘડીયે આટલે દૂર તો અવાતું નથી. ત્યાં તો, બપોર થવા આવી. સૂરજ સોળે કળાએ ખીલવા લાગ્યો હતો. જમવાનો સમય થયો એટલે વાહનોનો આવવાનો ધમધમાટ શરૂ થયો. જોતજોતામાં મંડપ અને ભોજન સમારંભ હાઉસફૂલ થયું. ભોજન શરૂ થયું. કેટલાક લોકોએ ભોજન લઇને, આજુબાજુની પાન બીડીની કેબીનો ઉપર ધસારો કર્યો. બીજા કેટલાક ભાઇબહેનો ભોજન આરોગીને, એમને ઘેર ગયા. તેઓ સત્કાર સમારંભ કે વિદાય સમારંભ નિહાળવા કે, વક્તાઓને સાંભળવા ન રોકાયા.

જોતજોતામાં સત્કાર સમારંભ શરૂ થયો. કેટલાક વરકન્યા પહોંચવામાં મોડા પડ્યા હતા. આ સમારંભ વખતે ખૂબ ઓછી સંખ્યા થઇ ગઇ હોય તેવું લાગી આવે. લાઉડ સ્પીકરનો અવાજ અને ઉપસ્થિત સમુદાયનો ગણગણાટ જાણે એક સરખા હોય.

## આરોગ્યની પ્રાથમિક કાળજી

માનવ જીવનમાં ૯ બાબતો જરૂરી છે. જે પૈકી અગાઉ પાંચ માટે વિચાર્યું. છઠ્ઠી બાબત આરોગ્ય છે. આરોગ્યની કાળજી પોતાના હાથમાં ૭૫ ટકા છે, ૨૫ ટકા અન્ય પરિબળો છે.

૧. શરીરને ઉપયોગી અને પૂરતા પોષક તત્ત્વ વાળો ખોરાક લેવો જોઇએ. વધારે ખાવાથી પાચનતંત્ર બગડે. ઓછું ખાવાથી પૂરતું પોષણ ન મળે. ઉંમર તથા કાર્યના આધારે પૂરતા પોષક તત્ત્વ વાળો સમતોલ ખોરાક લઇએ. હોમ સાયન્સના પુસ્તકો પરથી આ વિગત પૂરતી મળી રહે છે.

૨. આરોગ્યની તકેદારી સાથે પૂર્વોપાયના જરૂરી પગલા લઇએ.

૩. રહેઠાણ, કાર્યક્ષેત્રનું સ્થળ તેમજ નજીકનો વિસ્તાર સ્વચ્છ રાખીએ. શક્ય હોય તો વૃક્ષ વાવીએ.

૪. બીમારી નાની કે શરૂની હોય તોપણ તરત સારવાર લઇએ.

૫. કોઇ ચેપી કે ગંભીર બીમારીની શંકા જણાય તો તરત તપાસ કરાવી પૂરતી સારવાર લઇએ. ગભરાઇએ નહિ. આવે વખતે બીમારની સંભાળ રાખનારે ધીરજ રાખવી. આનાથી દર્દીની સંભાળમાં ચૂક થતી અટકશે. દર્દીને માનસિક અસર નહિ થાય.

૬. અકસ્માત થાય તો સંબંધિતને તરત હોસ્પિટલમાં પહોંચાડવા. સારવાર ઝડપથી થાય તો સારું. જરૂરી દવા તરત મેળવવી. લોહીની જરૂર હોય તો તરત વ્યવસ્થા કરવી. મુંઝાયા વિના જે હાજર હોય તેમણે એક એક કાર્ય સંભાળી વ્યક્તિગત રીતે જે જે કાળજી લેવા પાત્ર હોય તે લઇએ.

વેદોમાં જણાવેલ છે જ્યારે હવા, પાણી ને ખોરાકથી (વાત, પિત્ત ને કફની અસરની) કે ચેપથી બીમારી ન હોય ત્યારે માનસિક અસરથી હોય છે. આધુનિક વિજ્ઞાને પણ આ વાતની હવે સંમતિ દર્શાવી છે. માનસિક તાણ નિવારવાના કેટલાક સાદા વિચારવા જેવા વ્યક્તિગત ઉપાયો :

૧. અપેક્ષા હમેશાં પોતાના સમય, શક્તિ, સંજોગ અને સગવડ પ્રમાણે રાખીએ.

૨. બિનજરૂરી કે બિનઉપયોગી કાર્યમાં સમય બગાડીએ નહિ. સમયના આયોજનથી જરૂરી કાર્ય પૂરા થતાં મન હળવું રહે.

૩. આપણી કાર્યશક્તિ અને અનુકૂળતાને લક્ષમાં રાખી કાર્ય હાથ પર લઇએ.

૪. કામ શરૂ કર્યા પૂર્વે અને રાત્રે સૂતા પૂર્વે ૨ થી ૫ મિનિટ પ્રાર્થના કરીએ.

૫. બીજી કોઇ વ્યક્તિ જે કુટુંબની નથી કે પરિચય નથી તેની બાબતમાં વચ્ચે પડીએ નહિ. જો એને કારણે આપણને કંઈ નુકસાન જતું હોય તો વાત જુદી છે.

૬. આપણી પાસે પૂછનાર વ્યક્તિની વાત પૂરેપૂરી તથા કાળજીથી સમજી, યોગ્ય સૂચન કરવું. એ અમલ કરે તેવો આગ્રહ કરવો નહિ.

૭. સકારાત્મક વલણ અપનાવીએ.

૮. જરૂરી આરામ કરીએ. કેટલાકને ગમે તેવી સગવડ છતાં ઉંઘ આવતી નથી. આ માટે ચિંતા કારણરૂપ હોય તો ચિંતાનું પોટલું બાંધી ઇષ્ટદેવને સોંપવું. સવારે તૈયાર થઇ પોટલું પાછું મેળવી તાજગીસભર સ્થિતિમાં કાર્ય પૂરું કરવું.

*વી. ઓ. બુધ્ધભટ્ટી - ભુજ*

## સ્વાઈન ફ્લુથી સાવધાન

ગુજરાતમાં સ્વાઈન ફ્લુ ધીરે ધીરે ફેલાઈ રહ્યો છે. કચ્છના રોગચાળા નિયંત્રણ અધિકારીની ‘કચ્છમિત્ર’ અખબારમાં પ્રકાશિત યાદી જણાવે છે કે કચ્છમાં તા. ૧૦-૧-૨૦૧૦ સુધીમાં કુલ ૪૩ કેસ નોંધાયા હતા. આમાંનો એક કેસ આપણી જ્ઞાતિના માધાપરના યુવાનનો હતો, જેનું અમદાવાદની હોસ્પિટલમાં અવસાન થયું અને એની અંતિમવિધિ, (રોગચાળો ફેલાવવાના નિયંત્રણ - નિયમને આધીન) અમદાવાદમાં જ કરવી પડી હતી.

કોઈ પણ બીમારી નાતજાત જોતી નથી. એટલે આપણે પણ આ બીમારીથી સતત સાવધાન રહેવાની સહુ સરખી આવશ્યક્તા છે.

‘સ્વાઈન-ફ્લુ’ના પ્રાથમિક લક્ષણો, એ લક્ષણોને આધારે પ્રાથમિક સારવાર, દર્દીના રોગનું નિદાન અને જો સ્વાઈન-ફ્લુ હોય તો તે પછીની નિયત હોસ્પિટલમાં સારવાર, આ સમગ્ર પ્રક્રિયામાં જે સમયગાળો લાગે છે તે દરમ્યાન દર્દી તેમજ તેની સારવાર કરતા સગા-સંબંધીઓ જો સતર્ક રહે, સવેળા સારવાર થાય અને સરખી દેખભાળ થાય તો સ્વાઈન-ફ્લુનો ફેલાવો ન થાય અને દર્દીને પણ રાહત રહે. આ અંગેના નિયમોની સતત જાહેરાત અખબાર અને બીજા માધ્યમો દ્વારા થતી જ રહે છે, તેમ છતાં, વાંચકોની જાણકારી માટે, હાલમાં શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ પ્રકાશિત મુખપત્ર “લોહાણા-પ્રકાશ”માં પ્રકાશિત લેખ અત્રે પ્રસ્તુત છે.

*– અતુલ સોની*

## સ્વાઇન ફ્લૂ : અજ્ઞાત વાતનો ગભરાટ વધારે

*તાજેતરમાં ‘સ્વાઇન ફ્લૂ’થી આમ જનતામાં દહેશત ફેલાઇ ગઇ છે. તેના કારણોમાં આ બિમારી ખૂબ જ સંસર્ગજન્ય (સ્પર્શ અથવા નિકટતા-સંપર્કના હિસાબે થતી) છે અને તેનું અક્સીર ઇલાજ કે રસી ઉપલબ્ધ નથી. સાથે ડોક્ટરો માટે પણ ‘સ્વાઇલ ફ્લૂ’નું નિદાન કરવું એ પડકાર સમાન છે. ‘સ્વાઇન ફ્લૂ’ એ માત્ર આપણા દેશમાં જ નહિ પણ વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્યની કાળજી માટે ઊભરતી સમસ્યા નં.૧ છે.*

*– ડો. આદિત્ય ચંદારાણા - માંડવી (કચ્છ)*

# સ્વાઈન ફ્લુ

ડૉ. આદિત્ય ચંદારાણા - માંડવી

વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ પ્રમાણે આવતા ૩ વર્ષમાં વિશ્વના ૪૦ ટકા લોકોને આ બિમારીનો ચેપ લાગી શકે છે. ૧૦ મી ઓગસ્ટ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો અહેવાલ જણાવે છે કે $H_1N_1$ ફ્લૂ વાયરસ ૩૩ ટકા ભારતીયોને આવતા ૨ વર્ષોમાં ઘેરી લેશે. આ હકીકતને ભારતના આરોગ્ય મંત્રીએ સમર્થન આપ્યું છે. એટલું જ નહિ એમ પણ સ્વીકાર્યું છે કે કોઇ પણ એકલા હાથે $H_1N_1$ ફ્લૂ વાયરસને નાથી શકશે નહિ. સૌથી અગત્યની બાબત આપણી રોગપ્રતિકારક શક્તિ છે કે જેનાથી આવતા થોડા વર્ષોમાં $H_1N_1$ ફ્લૂ વાયરસની આક્રમકશક્તિ ઘટશે.

'સ્વાઈન ફ્લૂ' સામાન્ય રીતે ડુક્કરોની શ્વાસનળી અને ફેફસામાં થતી બિમારી છે. આમ તો 'સ્વાઈન ફ્લૂ' માનવીઓમાં જોવા મળતો ન હતો, પણ ક્યારેક 'સ્વાઈન ફ્લૂ' વાયરસની રોગ સર્જાવાની શક્તિ વધે છે અથવા બદલાઈ જાય છે. આ કારણે 'સ્વાઈન ફ્લૂ' વાયરસ માનવી માટે પણ ખતરનાક બની જાય છે. આટલી પૂર્વભૂમિકા પછી 'સ્વાઈન ફ્લૂ' એટલે શું એ સમજીએ.

'સ્વાઈન ફ્લૂ' $H_1N_1$ એ સમગ્ર વિશ્વમાં ફેલાયેલ (પેન્ડેમીક) એવો ચેપી ફ્લૂ છે. એ નવો વાયરસફ્લૂ છે. સૌપ્રથમ અમેરિકામાં એપ્રિલ-૨૦૦૯ માં લોકોમાં શોધાયેલો. મેક્સિકો અને કેનેડામાં પણ આ નવો વાયરસ દેખાયો હતો. આ વાયરસ ફ્લૂના વાયરસની જેમ જ ઋતુ પ્રમાણે લોકોમાં ચેપ ફેલાવતો વાયરસ છે. સૌથી વધારે ઝડપથી ફેલાતો બીજા સંસર્ગજન્ય રોગની જેમ હવાથી ફેલાતો (AIR BORNE) સંસર્ગજન્ય રોગ છે જેનાથી લોકોને સાધારણથી અતિ થાક લાગે છે, શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ થાય છે, તાવ આવે છે અને એમાંથી જાનલેવા લક્ષણોમાં શ્વસનતંત્રની નિષ્ફળતા મૃત્યુમાં પરિણમી શકે છે.

**લક્ષણો :-**

★ એકાએક બિમારીની શરૂઆત સામાન્ય છે.

★ ૧૦૦ ફેરનહીટથી ૧૦૪ ફેરનહીટ સુધી હળવાથી હાઈગ્રેડ તાવનું પ્રમાણ રહે છે.

★ ગળામાં ખૂબ જ બળતરા થાય જે ૩ થી ૫ દિવસ સુધી ચાલે અને સાથે શરદી પણ સ્નાયુના દુઃખાવા અને કપાળ અને આંખ પાછળ સાધારણથી સખત માથાનો દુઃખાવો રહે. આંખમાં બળતરા, અતિ પ્રકાશ સહન ન થવો જેવા આંખના લક્ષણો કેટલાક દર્દીમાં જોવા મળે.

★ દર્દીને પોતાના રોજિંદા કામ કરવામાં અડચણરૂપ થાય એટલી અશક્તિ-નબળાઇ અને અતિ થાક લાગે.

★ ઉધરસ અને બીજી શ્વસનતંત્રની તકલીફો આરંભમાં સામાન્ય હોય પણ વાયરસની અસર વધતાં તકલીફો-ચેપ વધે.

★ દર્દીને સૂકી ખાંસી અને ફેફસામાં સોજાના કારણે છાતીમાં દુઃખાવો અને હાંફ (શ્વાસ ચઢવો) થાય.

● **કટોકટીમાં સાવચેતીના ચિહ્નો :**

બાળકો અને વયસ્કોમાં અને સાથે અન્ય ડાયાબિટીસ, કેન્સર, એઈડ્સ જેવી ગંભીર બિમારીઓ હોય એવા દર્દીઓમાં કટોકટી સમયે સાવચેતી ચિહ્નો કે જેના માટે તાત્કાલિક તબીબી સારવારની જરૂર પડે તે છે (૧) ઝડપી શ્વાસ ચાલે કે શ્વાસ લેવામાં તકલીફ, (૨) ચામડીનો રંગ બ્લુ કે આછો વાદળી થઇ જાય, (૩) પૂરતા પ્રમાણમાં પ્રવાહી ન લેવાય, (૪) ઉલ્ટીઓ સતત ચાલુ રહે, (૫) દર્દી સૂતો જ રહે અને પ્રતિક્રિયાઓ ન કરે, (૬) બાળક ચીડીયો થઇ જાય અને બેચેન રહે, (૭) ફ્લૂના લક્ષણો ઘટે પણ ફરી તાવ સાથે વધારે પ્રમાણમાં ખાંસી થાય.

વયસ્કોમાં (૧) શ્વાસ લેવામાં તકલીફ અથવા શ્વાસ ટૂંકો લેવાય, (૨) છાતી કે પેટમાં દુઃખાવો અને દબાણ થાય, (૩) એકાએક ચક્કર આવવા, (૪) માનસિક બેચેની, (૫) સતત ઉલ્ટીઓ જોવા મળે છે.

સ્વાઈન ફ્લૂ થયા પછીની સમસ્યાઓ (COMPLICATIONS) કઇ છે તે જોઇએ તો (૧) સામાન્ય ફેફસાંની સમસ્યાઓમાં વાયરલ/બેક્ટેરીયલ ન્યૂમોનિયા, બ્રોંકાઇટીસ અને દમનું વધી જવું વિગેરે છે. (૨) ફેફસાં સિવાયની સમસ્યાઓમાં માયોસાઇટીસ, રેબ્ડોમાઇલાટીસ, માયોગ્લોબીનુરીયા, માયોકાર્ડાઇટીસ અને પેરીકાર્ડાઇટીસ થાય છે. (૩) કેટલીક વખત જ્ઞાનતંતુ (મગજ) તંત્રમાં એન્કેફેલાઇટીસ, ટાન્સવર્સ માઇલાટીસ અને ગુલનબરી સિન્ડ્રોમ અને રેયઝ સિન્ડ્રોમ થાય છે.

સ્વાઈન ફ્લૂ નો ચેપ બે રીતે લાગે છે : $H_1N_1$ વાયરસ બીજા ફ્લૂના વાયરસની જેમ ઋતુ પ્રમાણે ચેપ ફેલાવે છે એક વ્યક્તિથી બીજી વ્યક્તિને ખાંસી અથવા છીંકને હિસાબે વાયરસ ફેલાય છે. વાયરસથી ચેપી બનેલ વસ્તુને અડકવાથી પણ વાયરસ ફેલાય છે. ચેપ લાગેલ વ્યક્તિને ખબર પડે તે પહેલાં તે બીજાને ચેપ આપી દે છે અને લક્ષણો શરૂ થતાં સાતેક દિવસ લાગી જાય છે.

● **નિદાન :** સરકારી અને નક્કી કરેલ હોસ્પિટલમાં ખાસ કીટ દ્વારા નિદાન થાય છે.

● **સારવાર :** એન્ટીવાયરલ દવાઓ જેવી Oseitamirvir (TAMIFLU) કે zanamivir (RELENZA) અથવા વપરાય છે અને સંસર્ગમાં આવનાર વ્યક્તિઓને રોગ અટકાવ માટે પણ અપાય છે.

● **પ્રતિબંધક ઉપાયો :** વારંવાર સાબુથી હાથ ધોવા. નિયમિત કસરતથી સ્વાસ્થ્ય સારૂં રાખવું. ઊંઘ પૂરતા પ્રમાણમાં લેવી. પુષ્કળ પાણી પીવું. પૌષ્ટિક આહાર લેવો. વિટામીન 'સી'. રોગપ્રતિકારક અને તંદુરસ્તી ઉદ્દિપક-ઈમ્યનોમોડ્યુલેટર ઈમ્બ્રાન. ઈમ્યુનેસ. ઈમ્યુનોસીન જેવી દવાઓ પૂરક તરીકે લઇ શકાય. પૌષ્ટિક આહાર લેવો. ગંદી લાગે તેવી જગ્યાએ અડવું નહિ. સ્વાઈન ફ્લૂ પીડિત વ્યક્તિ સાથે સંપર્ક ટાળવો. શરીરને ચોખ્ખું રાખવું. આંખને અને નાકને અડવું નહીં. ખાંસી કે છીંક લેતી વખતે રૂમાલથી ચહેરો ઢાંકવો અને રૂમાલ ગરમ પાણીથી ધોઇ લેવો. આલ્કોહોલ/ સ્ટેરેલીયમથી હાથ સાફ રાખવા. માસ્ક પહેરવા. બીમાર થાવ તો કામે અથવા સ્કૂલ ન જવું જેથી બીજાને ચેપ ન લાગે.

પ્રો. હિમાંશુ પી. ધ્રુવ



# એચ. પી. જ્વેલર્સ (મામા)

**સોનાના દાગીનાના હોલસેલ વેપારી**

દુકાન નં.-૧૭, રાજગુરૂ ચેમ્બર્સ,
મરચીપોળ, રતનપોળ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૭૮૧૩ • મો. ૯૯૭૯૨ ૦૪૭૯૨



સચીનકુમાર મોહનલાલ હેડાઉ
કેતનકુમાર મોહનલાલ હેડાઉ



# રેણુ જવેલર્સ

**ચાંદીના ફેન્સી સાંકરા, લડી, પટ્ટાના હોલસેલ વેપારી**

પીપળા ફળીયા, કંસારા બજાર, ભુજ, કચ્છ.
**મોબાઈલ : (ઓ) ૯૯૭૯૮ ૯૮૯૫૬, (રહે.) ૯૮૯૮૩ ૨૪૭૫૮**

# અંજારમાં યોગનો 'મહાયોગ'

**સંકલિત**




ગત દિનાંક ૧૫થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન સ્ટેડિયમ ગ્રાઉન્ડ, અંજાર મધ્યે, પતંજલી યોગ સમિતિ અને ભારત સ્વાભિમાન ટ્રસ્ટ - અંજાર દ્વારા શ્રી હરીલાલભાઈ લખમશી સોની પરિવારના આર્થિક સહયોગથી નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન થયું. અંજાર, આદિપુર, ગાંધીધામ તેમજ અન્ય સ્થળોએથી પધારેલા અનેક યોગાર્થીઓએ એનો ઉમળકાભેર લાભ લીધો.

શિબિર અંગે તેમજ યોગ-જાગરણ હેતુ, શિબિરથી બે દિવસ અગાઉ દિનાંક ૧૩-૧૨-૦૯ના રોજ મહારેલીનું પણ આયોજન થયું હતું. જેમાં કચ્છ જીલ્લા પતંજલી સમિતિના અધ્યક્ષ ભરતભાઈ ઠક્કર, ઉપાધ્યક્ષ દિનેશભાઈ ઠક્કર, તાલુકા અધ્યક્ષ ચંદ્રકાંત પલણ અને દાતા પરિવારના શ્રી હરિલાલભાઈ સોની તેમજ કચ્છના નામાંકિત યોગાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. રેલી સમાપને ટાઉન હોલ ખાતે, સ્વાભિમાન જાગૃતિ અભિયાન સંસ્થાના પ્રદેશ અધ્યક્ષ શ્રી શિશપાલજીએ ઉદબોધન કર્યું હતું.

સ્વામિનારાયણ સંતોના આશિર્વાદ સાથે આરંભ થયેલા આ શિબિરના પ્રત્યેક દિવસે સવારે ૬.૩૦થી ૭.૩૦ અને સાંજે ૫.૩૦થી ૬.૩૦ સુધી યોગની વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિસરની તેમજ યોગ અંગેના ડેમોન્સ્ટ્રેશન સાથે પ્રશિક્ષણ સત્રોનું આયોજન થયું હતું, જેનું સંચાલન નામાંકિત યોગાધ્યાપકો શ્રી પ્રમોદભાઈ શાહ અને સુશ્રી હેતલબેન દેસાઈએ સંભાળ્યું હતું.

શિબિર દરમ્યાન સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ભુજના સહયોગથી પુસ્તક મેળાનું આયોજન થયેલું. જેમાં મૂળ કિંમતના ૬૫ ટકા સુધીના વળતરના લાભ સાથે મૂલ્યવાન માહિતીપ્રદ પુસ્તકોનું વિતરણ થયું હતું. તદુપરાંત તા. ૨૦-૧૨-૦૯ના રોજ વિવિધ સંસ્થાઓના સહયોગથી શિબિર સ્થળે રોટરી અને લાયન્સ ક્લબ - અંજારના સહયોગથી બ્લડ ગ્રુપીંગ અને મરણોપરાંત ચક્ષુદાન સમજ સામગ્રી અને ઈચ્છાપત્ર વિતરણ થયું હતું. પતંજલી યોગ સમિતિ દ્વારા આયુર્વેદિક નિદાન કેમ્પ તેમજ ડાયાબિટીસ નિદાન, નિઃશુલ્ક સ્યુગર ચેક-અપ તેમજ નિયંત્રણ - માર્ગદર્શનનું આયોજન થયું હતું.

શિબિર દરમ્યાન વીનિત મહેતા ગ્રુપ તેમજ નૈમેષ ગઢવી અને પુષ્પાબેન પલણ દ્વારા ભક્તિ-ગીત સંગીતના કાર્યક્રમો યોજાયા હતા.

વિવિધ સામાજીક સંસ્થાઓ અને દાતા પરિવારના સહયોગથી આ 'સપ્તાહ'ની સૌહાર્દપૂર્ણ ઉજવણી અંજાર નગરની એક અવિસ્મરણીય ઉપલબ્ધિ સમાન રહી. આ અંગે દાતા પરિવારના શ્રી હરિભાઈ સોની સાથે થયેલ વાતચીતના કેટલાક અંશ અત્રે પ્રસ્તુત છે :

"સ્વાસ્થ્ય જાળવવામાં 'યોગ' ખૂબ જ ઉપયોગી છે, એ મારો જાત અનુભવ છે. અંજારની રોટરી ક્લબ તેમજ અન્ય સંસ્થાઓ સાથે હું વર્ષોથી સંકળાયેલો છું. આ સંસ્થાઓ દ્વારા થતી જનકલ્યાણ પ્રવૃત્તિઓમાં સ્વાસ્થ્ય પ્રવૃત્તિઓ મુખ્ય હોય છે.

દિવંગત વડીલોના સ્મરણાર્થે આપણે ભાગવત આદિનું આયોજન કરતા હોઈએ છીએ. ભાવાત્મક સ્તરે આ પ્રવૃત્તિનું મહત્ત્વ તો છે જ પરંતુ ભાવના સાથે કર્તવ્ય અને કંઈક અંશે 'ભૌતિક' એવું કાર્ય જોડવામાં આવે એ ઈષ્ટ છે. આધુનિક ઉપચાર પધ્ધતિની નેમ, થયેલી બીમારીનો ઈલાજ કરવાની છે જયારે આપણી પરંપરાગત આયુર્વેદિક પદ્ધતિની નેમ 'ઈશ્વર બક્ષ્યા શરીરના સ્વાસ્થ્યની - યોગ્ય જાળવણી'ની છે. જેમાં યોગનું મહત્ત્વ હવે સમસ્ત વિશ્વે સ્વીકાર્યું છે.



**પૂજ્ય માતુશ્રી**
**સ્વ. ગોદાવરીબા**

યોગર્ષિ શ્રધ્ધેય રામદેવજીએ 'યોગ દ્વારા સ્વસ્થ ચારિત્ર્ય અને સમાજ ઘડતર'નો જે 'મહાયજ્ઞ' આદર્યો છે તેમાં નમ્ર આહુતિ આપવાની અમારા પરિવારને ઘણા વખતથી ઈચ્છા હતી. મારા માતુશ્રી પૂ. ગોદાવરીબાનું નેવું વર્ષની પાકટ વયે અવસાન થયું. એમની પુણ્ય સ્મૃતિ હેતુ આવા સાર્વત્રિક કલ્યાણ કાર્યમાં સહયોગ આપવાની પ્રભુ-પ્રેરણા થઈ. આ વિચાર વાસ્તવમાં મારા માતુશ્રીએ સીંચેલા 'સંસ્કાર'ની જ ફળશ્રુતિ છે. સાથે સાથે એમણે આજીવન અમારા પરિવારના સર્વે સભ્યોની કાળજી જે ઘરગથ્થુ ઉપચારો તેમજ આહાર-વિહાર નિયમન દ્વારા કરી હતી તેની સ્મૃતિઓ સાથે યોગ્ય વિશેષજ્ઞોના પરામર્શો આમ જન-જાગરણ હેતુ પ્રસાર માટે ગ્રંથસ્થ કરવાનો પણ વિચાર થયો. ઈશ્વર કૃપા, વડીલોના આશિર્વાદ અને સંબંધિત સંસ્થાઓના સહયોગથી અમારી આ પારિવારિક ઈચ્છાપૂર્તિ થઈ, તે બદલ અમે સહુના ઋણી છીએ."

*આપણા સમાજના અગ્રણી કાર્યકર શ્રી હરીભાઈ લખમશી સોની (વીસા પરમાર) અને એમના સમસ્ત પરિવાર સભ્યોને આવા જનકલ્યાણ હેતુ આયોજીત કાર્યમાં સહયોગી થવાનું સદ્‌ભાગ્ય મળ્યું તે બદલ 'જ્ઞાતિસેતુ'ના હાર્દિક અભિનંદન. અમને વિશ્વાસ છે કે, યોગના આવા 'મહાયોગ'થી સ્વાસ્થ્ય પ્રતિ યોગ્ય જાગરણ સ્તરમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થશે.*

અસ્તુ.

***– મુખ્ય તંત્રી***

## શ્રી હરીલાલ લખમશી પરિવાર પ્રકાશિત પુસ્તક "ઘરગથ્થુ ઉપચાર – યોગસાધના"નો એક અંશ

### સહજ યોગ

રામદેવ મહારાજ દ્વારા ગુરૂકૃપા અને સ્વાનુભવના આધારે પ્રાણાયામની સંપૂર્ણ ક્રિયા વિધિ વિશિષ્ટ વૈજ્ઞાનિક પધ્ધતિ અને આધ્યાત્મિક ફળ પ્રાપ્તિનો મુદ્દો ધ્યાનમાં રાખીને પ્રાણાયામની વિધિમાં સાત ક્રિયાવિધિઓને ક્રમબદ્ધ અને સમયબદ્ધ કરેલ છે. આ પૂરી વિધિમાં લગભગ ૬૦ મિનિટ જેટલો સમય આપવો પડે છે. જે સાત પ્રક્રિયા નીચે મુજબ ગણાવી શકાય.

૧. પ્રથમ પ્રક્રિયા : ભસ્ત્રિકા પ્રાણાયામ

૨. બીજી પ્રક્રિયા : કપાલભાતિ પ્રાણાયામ

૩. તૃતીય પ્રક્રિયા : બાહ્ય પ્રાણાયામ (કપાલભાતિ ત્રિબંધની સાથે)

૪. ચતુર્થ પ્રક્રિયા : અનુલોમ-વિલોમ પ્રાણાયામ (નાસિકાઓમાંથી વારાફરતી શ્વાસ લેવાની વિધિ)

૫. પાંચમી પ્રક્રિયા : ભ્રામરી પ્રાણાયામ (મોઢું બંધ રાખી ફક્ત ૐનું ગુંજારવું)

૬. છઠ્ઠી પ્રક્રિયા : ઉદ્‌ગીત પ્રાણાયામ (ૐનું ઉચ્ચારણ)

૭. સાતમી પ્રક્રિયા : પ્રણવનું ધ્યાન (પ્રાણાયામ)

શાંત શ્વાસોચ્છવાસ સાથે પરમાત્માનું, ૐનું ધ્યાન.

આ પ્રાણાયામોના સાત પેકેજનો પ્રાણાયામનો પૂર્ણ અભ્યાસ કરવાથી વ્યક્તિને જે લાભ થાય છે તે નીચે મુજબ છે :

૧. વાત, પિત્ત અને કફ – આ ત્રણેય દોષોનું શમન થાય છે.

૨. પાચનતંત્ર સંપૂર્ણ રીતે સ્વસ્થ બને છે અને ક્રિયાશીલ બને છે અને તમામ પેટના રોગો દૂર થાય છે.

૩. હૃદય, ફેફસાં તથા મસ્તક સંબંધી રોગો દૂર થાય છે.

૪. શરીરની સ્થુળતા, ડાયાબિટીસ (મધુપ્રમેહ), ખરાબ કોલેસ્ટેરોલની અધિકતા, કબજીયાત, ગેસ, અમ્લપિત્ત, શ્વાસ રોગ, એલર્જી, માઈગ્રેન (આધાશીશી), રક્તચાપ (બ્લડ પ્રેશર), કિડનીના રોગો તેમજ સ્ત્રી પુરૂષોના જાતીય રોગો વગેરે સામાન્ય રોગથી માંડીને કેન્સર જેવા સાધ્ય - અસાધ્ય રોગોને નિયંત્રણ હેઠળ લાવી તેનું શમન કરવામાં સહાયતા પ્રાપ્ત થાય છે.

૫. રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુનીટી)નો આત્યંતિક વિકાસ થાય છે.

૬. વંશાનુગત રોગો જેવા કે ડાયાબિટીસ, હૃદયરોગ વિગેરે અસાધ્ય ગણાતા રોગોથી રક્ષણ મળે છે.

૭. વાળ ખરવા અગર અકાળે સફેદ થવા, ચહેરા પર કરચલીઓ પડવી, આંખોનું તેજ ઓછું થવું, યાદશક્તિની ક્ષીણતા વગેરે રોગો સામે રક્ષણ મળે છે. ઘડપણને દૂર ઠેલી શકાય છે. આયુષ્યની વૃદ્ધિ થાય છે.

૮. ચહેરો તેજસ્વી બને છે અને મન શાંત થાય છે.

૯. ચક્રોના શોધન, ભેદન અને જાગરણ દ્વારા આધ્યાત્મિક શક્તિ (કુંડલીની શક્તિનું જાગરણ) સિદ્ધ થાય છે.

૧૦. મન સ્થિર, શાંત અને ઉત્સાહિત થાય છે. જેથી માનસિક પ્રસન્નતા અનુભવાય છે. ડિપ્રેશન (માનસિક ઉદાસીનતા) વિગેરે રોગોથી મુક્ત રહી શકાય છે.

૧૧. ધ્યાન સ્વયંભૂ - વિના પ્રયાસે લાગવા માંડે છે અને લાંબા સમય સુધી ધ્યાનસ્થ અવસ્થામાં રહેવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.

૧૨. સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીરના વિકાર નાશ પામે છે. વિજાતીય તત્ત્વોનું નિષ્કાસન થાય છે અને આરોગ્ય પ્રાપ્ત થાય છે.

૧૩. શરીરમાં રહેલા તમામ વિકારો, વિજાતીય તત્ત્વો અને ટોક્સિક પદાર્થો નષ્ટ થાય છે.

૧૪. નકારાત્મક વિચારો આવતા બંધ થાય છે અને મન સકારાત્મક વિચારો અને ચિંતનમાં મગ્ન રહે છે. જેથી ચિત્ત પ્રસન્ન રહે છે, ઉત્સાહ વધે છે.

## યોગ શિબિર સાફલ્ય સંકેત

*શ્રી હરીલાલભાઈના જણાવ્યા અનુસાર–*

★ યોગ શિબિરનાં પ્રથમ દિવસે હજારની આસપાસ શિબિરાર્થીઓ હતા, જે સંખ્યામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતાં ટેન્ટની સાઈઝ વધારવી પડી હતી.

★ યોગ શિબિરાર્થી સરેરાશ ૧૧૦૦ની આસપાસ રહી.

★ ડાયાબિટીક સાધકોને સીધો લાભ થયો.

યોગ શિબિર દરમ્યાન આયોજીત આયુર્વેદિક નિદાન કેમ્પમાં 'સ્યુગર ટેસ્ટ'નો અનેક શિબિરાર્થીઓએ લાભ લીધો. યોગ-સાધકોમાંના કેટલાક કે જેમનું સ્યુગર લેવલ (ફાસ્ટીંગ) ૩૬૦ - ૨૬૦ આસપાસ હતું તેમનું સાધના બાદ ૨૦૦ની આસપાસ થયું હોવાનું જાણવા મળ્યું હતું.

## રચાઇ જશે

*દેહ સરખો રહેવાસ સરખો*
*તોય સમયના વહેણે સૌ બદલાઈ જશે*
*ગૂઢ આ જિંદગીનાં રહસ્ય કાઢવા વર્ષોથી મથું છું*
*લાગે છે કે આખી જિંદગી ખર્ચાઈ જશે*
*કેટલા પાત્રો ઊભા થતા જાય છે રોજેરોજ*
*કો'ક કવિના મુખેથી નક્કી વણાઈ જશે*
*અસ્તિત્વના પુરાવાની ખાતરી છે આ સફળતાઓ*
*'યાદ' નામની ચીજ હતી એવું લખાઈ જશે.*
*હું તો અમસ્તા વિચારો કરતી હતી કલમ સાથે- 'યાદ'*
*મને નહોતી ખબર કે આખી કવિતા રચાઈ જશે.*

**જીનલ સોની 'યાદ' - નાગલપુર, માંડવી (કચ્છ)**

# વસંત ઋતુની વાનગીઓ

મીનાક્ષીબેન માંકડ

*શ્રીમતી મીનાક્ષીબેન માંકડનો આ લેખ 'સેતુ'માં આપવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે એના દ્વારા આપણી બહેનોને આવા લેખો લખવાની પ્રેરણા મળે.*

*– મુખ્ય તંત્રી*

---

રંગોનો તહેવાર હોળી પણ વસંત ઋતુ દરમિયાન આવે છે. હોળી ઉજવવા પાછળ પૌરાણિક કથા ભલે ગમે તે હોય તેનું રૂપક એ સમજાવે છે કે આપણા મનમાં રહેલા કુતર્કો, સંશયો, જડ અને ભોગવાદી વિચારોને પશ્ચાતાપની હોળીમાં જલાવી શુધ્ધ અને સાત્વિક વિચારોથી ફરી સુસજ્જ થઈએ. મન અને મગજને ઊધઈની જેમ કોરી નાખે તેવા ખોટા વિચારોની આહૂતિ આપી કુદરતે પુણ્યો દ્વારા વસંતમાં પ્રેમનો સંદેશો આપવાની કૃપા કરી છે તેને આદર કરીએ. રાગ, દ્વેષ અને નિરાશાથી દૂર થઈ નવો સંચાર પ્રસરાવતી આ ઋતુનું આગવું વિજ્ઞાન પણ છે. માદક પવનની લહેરમાં પુષ્પોની પરાગરજ વહેતી થવાથી એલર્જી, ખાંસી અને કફની તકલીફો આ ઋતુ દરમિયાન વિશેષ જોવા મળે છે. ઓરી, અછબડા જેવા વાઈરસથી થતા રોગો પણ આ ઋતુ દરમિયાન દેખાય છે. કફનો સીધો સંબંધ ફેફસાં સાથે છે. માટે આ ઋતુ દરમિયાન સ્નિગ્ધ દ્રવ્યો ત્યજીને લુખ્ખો આહાર અપનાવવો જોઈએ. આપણા દેશમાં આ ઋતુમાં ચણા, ધાણી, મમરા, ખજૂર વ. જેવો સૂકો અને કફ મારક ખોરાક લેવાનો આગ્રહ રાખવામાં આવે છે. ઠંડીની વિદાય થતાં ગરમ વસ્તુઓ ન ખાવી જોઈએ.

### શ્રીમતી મીનાક્ષીબેન માંકડ – પરિચય

*મૂળ કચ્છના નામાંકિત ધારાશાસ્ત્રી સ્વ. કૃષ્ણલાલભાઈ માંકડ, જેઓ ભુજ નગરપાલિકાના પ્રમુખ તેમજ કંડલા પોર્ટના ટ્રસ્ટી હતા, તેમના પુત્રવધૂ છે. એમના પતિ શ્રી અવિનાશભાઈ માંકડ પણ અમદાવાદ હાઈકોર્ટમાં એડવોકેટ છે. મીનાક્ષીબેન એમ.એ., એલ.એલ.બી.થયેલા છે.*

*એમણે મહિલા સંસ્થામાં થોડો સમય લીગલ એડવાઈઝર તરીકે કામ કર્યું. જી.પી.એસ.સી.માં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવેલ. સરકારી નોકરી મળતી હતી પરંતુ કૌટુંબિક જવાબદારી હોવાથી તે નોકરી કરી શક્યા નહીં. રાષ્ટ્રભાષા કોવિદની પરીક્ષામાં કેન્દ્રમાં પ્રથમ નંબરે આવેલ. તેમને કલામાં વધારે રસ હોવાથી તેઓ હેન્ડીક્રાફ્ટ્સ - સોફ્ટ ટોયઝ, એમ્બ્રોયડરી, પેઈન્ટીંગ, નિટીંગ, ગ્લાસ પેઈન્ટીંગ, ફેબ્રિક પેઈન્ટીંગ, સીરામિક્સ, બાંધણી, કૂકીંગ વગેરેના ક્લાસીસ ચલાવે છે. એક્યુપ્રેશર ડિપ્લોમા કરેલો હોવાથી એક્યુપ્રેશરની ટ્રીટમેન્ટ આપે છે અને ક્લાસીસ ચલાવે છે. તેઓએ 'આરતી - ગરબા ડેકોરેશન' પુસ્તિકા બહાર પાડી છે. વિવિધ સંસ્થાઓમાં ચાલતી વાનગી અને આરતી ડેકોરેશન હરીફાઈમાં જજ તરીકે સેવા આપે છે. મિનાક્ષીબેન સ્ત્રી નિકેતન - પાલડીના પ્રમુખ છે. શ્રી કચ્છી મહિલા સમાજમાં મંત્રી છે. કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના મુખ્યતંત્રી છે.*

## હોળી નિમિત્તેની વાનગીઓ

### ૧. ખજાને ડીલાઈટ

***સામગ્રી :*** ખજૂર - ૫૦૦ ગ્રામ, ટોપરાનું ઝીણું ખમણ - ૧૫૦ ગ્રામ, માવો - ૧૫૦ ગ્રામ, ખાંડ - ૩૦૦ ગ્રામ, ૧ વાટકો મલાઈ, ૧ પેકેટ મેરી બિસ્કીટ, દૂધ - ૧ કપ, તજ, લવીંગ, એલચી - સુંઠનો ભૂકો બે ચમચી, કાજુ-બદામ-પીસ્તા ૧૦૦ ગ્રામ, ઘી - બે ચમચા, ચાંદીનો વરખ, ચેરી.

***રીત :*** ખજૂરને ઠળીયા કાઢી દૂધમાં એક કલાક પલાળવા. તે પછી કઢાઈમાં ઘી ગરમ મૂકી ખજૂરને સાંતળો. લચકા જેવું થાય ત્યારે માવાને ખમણીને ઉમેરવો. આમ પૂરણ તૈયાર કરવું. ટોપરાનું ખમણ, મેરી બિસ્કીટનો ભૂકો કરી મલાઈમાં મિક્સ કરવું. એક તપેલીમાં ખાંડ લઈ તેની કડક ચાસણી બનાવવી. અડધી ચાસણીને ખજૂરવાળા પૂરણમાં ઉમેરવી. બાકીની ચાસણી ટોપરાના છીણવાળા પૂરણમાં ઉમેરવી. ત્યારબાદ ખજૂરવાળા પૂરણમાં સૂંઠ, એલચી વગેરેનો ભૂકો તેમજ બદામ, કાજુ, પીસ્તાના કટકા કરી મિક્સ કરવા. એક થાળીમાં ઘી લગાવી ખજૂરનું પૂરણ અડધું પાથરવું. તેના ઉપર મેરી બિસ્કીટનું વ્હાઈટ પૂરણ પાથરવું. પછી ખજૂરનું બાકીનું પૂરણ પાથરવું. બદામ - પીસ્તા - કાજુના કટકા પાથરવા. હાથેથી દબાવવું. ચાંદીના વરખથી ડેકોરેટ કરવું.

### ૨. ખજૂરની સૂકી કચોરી :

***સામગ્રી :*** ખજૂર - ૩૦૦ ગ્રામ, અડધો કપ મમરા, અડધો કપ દાળીયા, મેંદો - ૧૫૦ ગ્રામ, ચણાનો લોટ - ૧૦ ગ્રામ, તેલ - ૩૦૦ મિલી, તલ - ૧ ચમચો, વરીયાળી - ૧ ચમચો, ધાણાજીરૂં - ૧ ચમચી, ખસખસ અડધી ચમચી, લાલ મરચું ૧ ચમચી, હીંગ ચપટી, સ્વાદ મુજબ મીઠું, સૂકા ટોપરાનું છીણ ૧ ચમચો.

***રીત :*** મેંદામાં મીઠું, ચણાનો લોટ, એક ચમચો તેલ નાંખી પાણી વડે લોટ બાંધી તેના લૂઆ કરી ઢાંકીને મૂકી દો. ખજૂરને ધોઈ, ઝીણી સમારી લો. મમરાને ધોઈ લો. ચણા ખાંડી લઈ તેને ખજૂરમાં ભેળવો. તેમાં તલ, વરીયાળી, ગરમ મસાલો, લાલ મરચું, ધાણાજીરૂં સ્વાદ મુજબ મીઠું, ૧ ચમચી તેલ ગરમ કરી તેમાં હીંગ નાંખી મસાલામાં ભેળવો. છેલ્લે ટોપરાનું છીણ અને ખસખસ ભેળવો. લુઓ લઈ તેને હથેળીમાં ચપટો કરી મસાલો ભરી ગોળોવાળી લો. ધીમા તાપે તેને તળી લો.

### ૩. સાથવાના લાડુ :

***સામગ્રી :*** બે વાટકી સફેદ જુવાર, ૧ વાટકી ઘઉં, દોઢ વાટકી દાળીયા, અડધી વાટકી ચોખ્ખું ઘી, દોઢ વાટકી ઝીણો ગોળ.

***રીત :*** પહેલાં જુવારને બરાબર શેકવી. ત્યારબાદ ઘઉં શેકી

લેવા. ત્યારબાદ જુવાર, ઘઉં અને દાળીયા ભેગા કરી દળી લેવા. લોટ ચાળવાની ચાળણીથી ચાળવો. એક થાળીમાં ઠરેલું ઘી લેવું. તેમાં ગોળ નાંખીને ફીણી લેવું. તેમાં દળેલો સાથવાનો લોટ નાંખવો અને લાડુ વાળવા.

### ૪. હોલી સ્પેશિયલ ઠંડાઈ

***સામગ્રી :*** ૪ કપ જાડું નાળીયેરનું દૂધ, અડધો કપ ખજૂરની દૂધ સાથે વાટેલી પેસ્ટ, ૧/૪ કપ ગુલાબની સૂકી પાંદડીઓ, ૩ ટે.સ્પૂન મગજતરી, ૧ ટી સ્પૂન સફેદ મરી, ૩ ટે. સ્પૂન ખસખસ, ૧૦ નંગ છાલ કાઢેલી બદામ, ૩ ટે. સ્પૂન વરીયાળી, અડધો કપ ખાંડ, ૧ ટે.સ્પૂન એલચી દાણા, ૧ ટી સ્પૂન કેસર, ૧ કપ દૂધ.

***રીત :*** ગુલાબની પાંખડીઓ, મગજતરી, ખસખસ, મરી, વરીયાળી, એલચી, બદામ બધાને ગ્રાઈન્ડ કરી ઝીણો પાવડર બનાવી લો. હવે તે પાવડરને સાદા દૂધમાં ૪-૫ કલાક પલાળી લો. ત્યારબાદ નાળીયેરના દૂધમાં ખજૂરની પેસ્ટ, ખાંડ તથા સાદા દૂધમાં પલાળેલો પાવડર સહિત બધું નાંખી ચર્ન કરો. બરફનો ભૂકો નાંખી તારની ગળણીથી ગાળી ઠંડું સર્વ કરો. સર્વ કરતી વખતે કેસર મિક્સ કરો.

### ૫. ડેટ નટ રોલ્સ

***સામગ્રી :*** પેન કેક માટે : ૧ કપ મેંદો, ૨ ટે. ઘી, જરૂરી પાણી. સ્ટફિંગ માટે : અડધો કપ કાજુ, અખરોટ - બદામના ટુકડા, અડધો કપ ખજૂર / ખારેકના ટુકડા, ૧ ટી. સ્પૂન આઈસીંગ સુગર, ૧-૨ ડ્રોપ્સ કેવડા એસેન્સ, તળવા માટે ઘી અથવા તેલ.

***રીત :*** પેન કેક માટેની સામગ્રી મિક્સ કરી પુડા ઉતારવા. સ્ટફિંગ માટેની સામગ્રી મિક્સ કરી તેને પૂડામાં ભરી રોલ વાળી એના છેડાને મેંદાની પેસ્ટથી ચોંટાડી દો. ઘી કે તેલમાં તળો.

સાકર અને પાણી મિક્સ કરી દોઢ તારી ચાસણી બનાવી તેમાં તળેલા રોલને પાંચ મિનિટ રાખી બહાર કાઢી ત્રાંસા કાપી સર્વ કરો. સ્ટફિંગમાં ઈચ્છા હોય તો ફ્રેશ નાળીયેરનું ખમણ અથવા ઝીણી કટકી નાંખી શકાય.

## જ્ઞાતિ મહિલા-ગૌરવ



કચ્છ યુનિવર્સિટીની **LLB** ફાઈનલ પરીક્ષામાં આ વર્ષે આપણી જ્ઞાતિનાં ગૃહિણી **શ્રીમતી મીતા જયેશ (દીપક) વેલજીભાઈ સોની**એ પ્રથમ પાંચમાં (ચતુર્થ) રેન્ક મેળવી, જ્ઞાતિગૌરવ વધાર્યું છે.

શ્રીમતી મીતાના શ્વસુર શ્રી વેલજીભાઈ કાનજી ગોવિંદજી સોની, અંજારના પ્રગતિશીલ સંયુક્ત પરિવારમાં આ પરીણિત મહિલા, એમના સાસુ ભાગેરતીબેનની હુંફે, એમની પ્રતિભા ઝળકાવી શક્યા તે બદલ તેમને શ્રી વેલજીભાઈના સમસ્ત પરિવારને 'સેતુ'ના હાર્દિક અભિનંદન.

*– મુખ્ય તંત્રી*

## બાળકોને 'ન ભાવતા ઔષધો' એમને કેવી રીતે આપવા?

બાળકોને દવા - ઔષધો મોટેભાગે ભાવતા નથી. અહીં કેટલાક શિયાળુ ઔષધો બાળકો સરળતાથી તે લે માટેની યુક્તિ આપી છે.

પાંચ વર્ષ સુધીના બાળકોને વારંવાર શરદી, કફ, ઉધરસ વગેરે થઈજાય છે અને એ વધતા તાવ આવે છે.

આ સંજોગોને કન્ટ્રોલમાં લેવા એન્ટીબાયોટીક્સ આપવી પડે છે. સંશોધનોએ સાબિત કર્યું છે કે એન્ટીબાયોટીક્સથી થતા નુકસાન મોટી ઉંમરે દેખા દે છે. ઘરઆંગણે થતી સામાન્ય નિર્દોષ ઔષધિઓ આપવામાં આવે તો બાળક આ નુકસાનમાંથી મહદ્ અંશે બચી શકે છે. પરંતુ શિયાળા માટેના ઔષધો મહદ્ અંશે તૂરા, તીખા, કડવા હોવાના. બાળકોને અરડૂસી, લસણ, સુંઠ, આદુ, અજમો, ધાણા, તુલસી વિ. ભાવતા નથી. અને આવી વસ્તુઓ આપવામાં આવે ત્યારે બાળક ધમાલ કરે છે. આ તબક્કે આવા ઔષધોને અમુક વસ્તુઓ ઉમેરીને સ્વાદિષ્ટ બનાવી શકાય છે.

★ ***અરડુસી :*** ઉધરસ - કફમાં કામ આવે છે. અરડૂસીનાં પાન ઉકાળી, ગાળીને મીઠું કે સાકર કે મધ સાથે આ ઉકાળો અપાય છે. બાળકો આ ઉકાળો ન પીતા હોય તો થોડો જલજીરા પાવડર, જરાક સંચળ અને લીંબું નાંખીને આપવાથી તેની કડવાશ સહ્ય બને છે. વળી લીંબુમાં વિટામિન સી હોવાથી શરદીમાં ગુણ કરે છે. જલજીરામાં વાયુ મટાડનાર દ્રવ્યો હોવાથી શરદીમાં કેટલાક બાળકોને પેટ ફૂલે છે, મોળ ચડે છે તેમાં પણ લાભ થાય છે.

★ ***સુંઠ :*** સુંઠની લાડુડી આપવામાં આવે છે. પણ તે કેટલાકને તીખી લાગે છે. આવા સંજોગોમાં સુંઠમાં દાળીયાની દાળનો પાવડર ઉમેરવામાં આવે તો બાળકોને તીખું લાગતું નથી. દાળીયા કફ, ચીકાશ ખેંચી લે છે.

★ ***આદુ-તુલસી-ફુદીનો*** જેવી લીલી તીખી વનસ્પતિઓ પણ શરદીમાં ફાયદાકારક છે. જે વનસ્પતિ આપવી હોય તે પાણી સાથે મિક્સરમાં ફેરવી, રસ કરી તેમાં જરા લીંબુ, ગોળ, હીંગ, ધાણાજીરૂં વિ. ઉમેરી ચટણી બનાવવી. આ ચટણી રોટલી - રોટલા - ભાખરી સાથે હોંશે હોંશે ખાશે.

★ ***લસણ :*** શરદીવાળા બાળકો માટે દાળીયા આશિર્વાદરૂપ છે. ધાણા નથી ભાવતા? તો વધારે પ્રમાણમાં દાળીયા ઉમેરી, જરા ખાંડ, લીંબુ, તીખાશ નાંખી, લસણ ઉમેરી દો.

બાળકોને આમલીની ચટણી ભાવતી હોય તો તેમાં થોડા થોડા પ્રમાણમાં કોથમીર, ફુદીનો, લસણ વ. ઉમેરી ધીમે ધીમે આ બધી વસ્તુનાં સ્વાદ તરફ બાળકોની રૂચિ કેળવી શકાય. આવી ચટણી રોટલી, ખાખરા, બટાટા પૌંઆ, સેવ, મમરા સાથે આપી દો.

પાકા પપૈયા પણ શરદીમાં ગુણકારી છે. પણ એકદમ ગળ્યા ટેસ્ટને લીધે કેટલાક બાળકોને ભાવતા નથી. તો તેના પર જલજીરા પાવડર છાંટી દો. આંબળા પણ ન ખાતા હોય તો જલજીરા સાથે આપો, ખાશે.

## કુટીર ઉદ્યોગ માહિતી / નિદર્શન કાર્યક્રમ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા ગત નવેમ્બરના દિનાંક-૭ના રોજ આયોજીત સ્વ-રોજગાર અને કુટિર ઉદ્યોગો અંગેની માહિતી અને નિદર્શનનો કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે જ્ઞાતિની સમાજવાડીમાં આયોજન થયું. આ કાર્યક્રમમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રમોશનલ ઓફિસર શ્રી અખિલેશભાઇ અંતાણીએ વિશેષ હાજરી આપી હતી. પોતાના વક્તવ્યમાં એમણે જણાવ્યું હતું કે કઇ રીતે સરકારી યોજનાઓનો લાભ લઇ શકાય અને તેના માટેની અરજીઓ કેવી રીતે કરવી વગેરે નું માર્ગદર્શન આપ્યું હતું. કોમ્પ્યુટર, સીલાઇ મશીન, તારપટ્ટા મશીન વગેરે માટેની લોન અને સબસીડી વગેરે અંગેની માહિતી પણ તેમણે આપી હતી. ખાસ કરીને બહેનો માટેની 'બાજપેયી બેન્કેબલ યોજના' વિશે પણ તેમણે માહિતી આપી હતી. બહેનો ગૃહઉદ્યોગ મારફત પોતાનું ગુજરાતન ચલાવી સ્વમાનભેર સમાજમાં જીવી શકે તેવી યોજનાઓ વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમનું આયોજન માટે શ્રી ભરતભાઇ કે બુદ્ધભટ્ટીએ તેમની સેવા આપી હતી. કાર્યક્રમના આરંભે મહેમાનનું સ્વાગત પુષ્પગુચ્છ વડે જયેષ્ઠાબેન સોનીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ બહેનોને આજના યુગમાં પગભર થવાની શીખ આપી હતી.



કાર્યક્રમનું સંચાલન રોહિણી ભરત બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. કાર્યક્રમમાં લગભગ ૧૦૦ જેટલા શ્રોતાઓએ હાજરી આપી હતી. લોકોના પ્રશ્નોના જવાબ પણ અંતાણી સાહેબે સંતોષપ્રદ રીતે આપ્યા હતા. મહિલા મંડળ - ભુજ તરફથી ઉપમંત્રી શ્રીમતી જયશ્રીબેન છત્રાળાના હસ્તે મહેમાનશ્રીને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યું હતું. આભારવિધિ રોહિણી બુધ્ધભટ્ટીએ કરેલી હતી..

***રોહિણી બુધ્ધભટ્ટી - મંત્રી***

## ગુજરાતના યુવાધન માટે મૂલ્યવર્ધિત અભ્યાસક્રમોની અમર્યાદિત તકો

★ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા ૩૮ આઈ.ટી. - નોન આઈ.ટી. અભ્યાસક્રમો ૬,૮૮૫ તાલીમકેન્દ્રો ૫ર ઉપલબ્ધ છે.

★ રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ટ્રેનીંગ સેન્ટર ઉપલબ્ધ.

★ બધા જ કોર્ષીસમાં રાજ્ય સરકાર પ્રમાણિત સર્ટિફીકેટ.

★ ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિવિધ ક્ષેત્રોના અનુભવી તજજ્ઞો દ્વારા કોર્ષની ડિઝાઈન.

★ સહુને પરવડે તેવી ખૂબ જ ઓછી ફી.

★ ૫૦થી ૧૫૦ કલાક સુધીના અભ્યાસક્રમો.

★ કોર્ષના અંતે જોબફેરનું આયોજન

★ લેવલ-૧ : ૧૦ પાસ માટે, લેવલ-૨ : ધોરણ-૧૨ પાસ માટે, લેવલ-૩ : સ્નાતકો માટે, લેવલ-૪ : સ્નાતકો અને અનુસ્નાતકો માટે

★ વધુ માહિતી માટે : www.gksgujarat.org
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦

***ગુજરાત નોલેજ સોસાયટી આયોજીત આઈ.ટી. અને તે સિવાયના કોર્ષીસની માહિતી 'સેતુ'માં અગાઉના અંકમાં પ્રકાશિત થયેલી છે.***

*આજના સ્પર્ધાત્મક સમયમાં ગુજરાતના યુવાધનને જોઈતું પીઠબળ અને પ્રોત્સાહન આપે છે ગુજરાત સરકાર.*
*- માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય*

## ભજન

મારે જવું જમુનાની આરી બેની મારી
મારે જવું જમુનાની આરે
ત્યા વાલો વાંસડી વગાડે બેની મારી. મારે જવું...

ભવના વીયોગી અમે ભવાટીમા ભૂલીયા રે,
ભૂલેલાને મારગ બતાવે વાલો મારો
ભૂલેલાને મારગ બતાવે બેની મારી. મારે જવું....

પંથ તો લીધો રે અમે ભગવંત ભેટવા વારે વારે
ઘાયલોની ગતિ વાલો જાણે બેની મારી
ઘાયલોની ગતિ વાલો જાણે બેની મારી. મારે જવું...

પીંજરાના પંખી અમે દીન તાઊં સાંભળો રે..
ઊડી-ઊડી આવું તારી પાસે વાલા મારા
ઊડી-ઊડી આવું તારી પાસે બેની મારી. મારે જવું....

પડર વસ્યા રે હવે, પ્રભુ કેમ નીરખું રે,
આવું મારા અંતરના અજવાળે વાલા મારા.
આવું મારા અંતરના અજવાળે બેની મારી
મારે જાવું જમુનાની આરે

***શાંતાબેન અમૃતલાલ બારમેડા***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૨

**તુલસીદાસ એલ. કંસારા**




- **લેપટોપ :**

હાર્ડવેર, સોફ્ટવેર અને ઈન્ટરનેટ વિશે પ્રાથમિક માહિતી આપણે કક્કાના ૧૧મા હપ્તામાં મેળવી. તે વાંચ્યા બાદ મારા અંગત મિત્રે મને કહ્યું કે આજકાલ શોપીંગ મોલમાં કેટકેટલીયે બ્રાન્ડોના લેપટોપ દેખાય છે. તો મારે ખરીદવું હોય તો તેમાં ટેકનીકલ રીતે શું જોવાનું?

એના જવાબમાં મેં કહ્યું કે પ્રથમ તો ભાઈ, તેનો ઉપયોગ નક્કી કર. એની પાસે ડેસ્કટોપ છે, પણ તેને પોર્ટેબિલીટી જોઈતી હતી. ત્યારબાદ એમણે લેપટોપ કેવા અને કયા કામ કરવા માટે જરૂરી છે તે સ્પષ્ટ કર્યું. "મારે કંઈક લખવું હોય તો હું ઓપન ઓફિસના રાઈટર પ્રોગ્રામમાં જઈને લખું છું. પણ આ લેપટોપમાં મને વિચાર આવે ત્યારે બાજુમાંજ હોય તો તુરંત ચાલુ કરીને હું ટપકાવી શકું. તે ઉપરાંત, મારે શેરબજારના ભાવ જોવા હોય અને કોઈ સોદો કરવો હોય તો, ફોન કરવાને બદલે ક્લિક કરીને કામ થઈ શકે તેવું કરવું છે."

મેં કહ્યું, કે એના માટે તો તારે ઝડપી ઈન્ટરનેટ કનેક્શન જોઈશે અને વાઈ-ફાઈ માટેનું સાધન લગાડવું પડે. તેની સાથે ખાસી એવી સ્પીડ હોય તેવું લેપટોપ ખરીદવું પડે.

આ વાતચીત દરમ્યાન મેં તેને એક ઓછી, પરવડે તેવી કિંમત અને કામ ચાલી જાય તેવું લેપટોપ માટેનું કોન્ફિગરેશન નીચે મુજબ તૈયાર કરી આપ્યું, જે તેની ખરીદીના મુખ્ય ઉદ્દેશો, પોર્ટેબીલીટી કે ફ્લેક્સીબીલીટી, મતલબ ઘરમાં કે બહાર તે સાથે લઈને ફરી શકે તેમજ તેના ઉપર ચર્ચેલ બન્ને કામો આસાનીથી કરી શકે.

૧. **પ્રોસેસર :** ઈન્ટેલ કોર ડ્યુઓ અથવા કોર-૨ ડ્યુઓ. એએમડી એથલોન ફોર નોટબુક પી.સીસ, અથવા ટ્યુરીઓન મોબાઈલ.

૨. **રેન્ડમ એક્સેસ મેમરી (રેમ) :** ૧ કે ૨ જીબી અથવા વધારે.

૩. **ગ્રાફિક્સ કાર્ડ :** ડેડીકેટેડ ૧૨૮ એમબી કે વધારે.

૪. **હાર્ડ ડ્રાઇવ :** ૧૨૦ જીબી કે વધારે.

૫. **બીજી ડ્રાઇવ :** ડીવીડી રાઈટર

૬. **ડિસપ્લે :** ૧૫-૧૯ ઈંચ

૭. **સોફ્ટવેર :** વિન્ડોઝ એક્ષપી, પ્રોફેશનલ કે વિન્ડોઝ વિસ્ટા હોમ પ્રિમિયમ, ઈન્ટરનેટ સિક્યોરીટી સ્યુટ.

૮. **અન્ય બાબતો :** જો લેપટોપને વારંવાર ફેરવવાનું ના હોય તો, પ્લગ-ઈન એક્ષ્ટર્નલ કીબોર્ડ અને માઉસ.

- **સંક્ષિપ્ત શબ્દ - યુએસબી :**

યુનીવર્સલ સીરીયલ બસનું સંક્ષિપ્ત નામ, જે ત્રણ અંગ્રેજી શબ્દોના પ્રથમ અક્ષરો લઈને બનાવેલ છે.

- **ટેકનીકલ યુએસબી પોર્ટ :**

સીરીયલ અથવા તો પેરેલલ પોર્ટસ જે કીબોર્ડ, માઉસ, વિગેરેને જોડવા માટે કમ્પ્યુટર્સમાં લગાવવામાં આવતા હતા, તેને બદલે ૧૯૯૬થી કેટલાક કમ્પ્યુટર વેચનારાઓએ પોતાના મશીનમાં યુએસબી પોર્ટ પણ આપવાનું ચાલુ કર્યું. અને ૧૯૯૮ સુધીમાં તો સારૂં એવું વેચાણ ધરાવતા આઈમેક કમ્પ્યુટર સાથે તેના યુએસબી પોર્ટ ચારે દિશામાં ફરી વળ્યા. એવું લાગે છે કે ટૂંક સમયમાં આ પોર્ટ સીરીયલ અને પેરેલલ પોર્ટની જરૂરિયાત જ સદંતર નાબૂદ કરી દેશે. આ યુએસબી પોર્ટની સાથે બહારથી લગાવી શકાય તેવી યુએસબી ડ્રાઈવ આવે છે, તેમજ તેની સાથે પ્લગ ઈન કરી શકાય તેવા કીબોર્ડ, માઉસ, વિગેરે આવે છે. કહેવાય છે કે આ પોર્ટ મોડેમ, માઉસ અને કીબોર્ડ જેવી ૧૨૭ ડિવાઈસોને સપોર્ટ કરી શકવા સક્ષમ છે. આ પોર્ટ બધા જ પ્રકારના કમ્પ્યુટરો માટે એકજ સ્ટાન્ડર્ડ મુજબ બનાવવામાં આવે છે, જે ૧૨ એમબીપીએસના રેઈટ થી ડાટા ટ્રાન્સફર કરવાની ક્ષમતા ધરાવે છે. તે પ્લગ એન્ડ પ્લે ઈન્સ્ટોલેશનને સપોર્ટ કરે છે, મતલબ ડિવાઈસને પ્લગમાં પીન ભેરવો અને કરંટ ચાલુ હોય તો લાઈટ થાય, તેવીજ રીતે પ્લગઈન થતાંજ ડિવાઈસ ચાલુ થાય છે. આ કામ ચાલુ કમ્પ્યુટરે કરવામાં આવે તેને હોટ પ્લગીંગ કહે છે.

- **સર્ટીફાઇડ વાયરલેસ યુએસબી :**

વાઈ-મીડીયા એલાયન્સ એક નોન-પ્રોફીટ, ઓપન ઈન્ડસ્ટ્રી એસોસિએશન છે જે અલ્ટ્રા વાઈડબેન્ડ (UWB)ના દુનિયાભરમાં ફેલાવા માટે ઝડપ, નિયમાધિન અને એકરૂપતા-સ્ટાન્ડર્ડાઈઝેશન તેમજ અનેક વેન્ડરો વચ્ચે સંવાદિતતા સ્થાપવાનું કામ કરે છે. આ સંસ્થાએ અલ્ટ્રાવાઈડ બેન્ડ ઉપર આધારિત વાયરલેસ યુએસબી એપ્લીકેશન એક સામાન્ય રેડિયો પ્લેટફોર્મ તરીકે વિકસાવેલ છે, જે પર્સનલ કમ્પ્યુટર્સ, પેરીફેરલ્સ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ડિવાઈસોને જોડવા માટે એક કોમન ઈન્ટરફેસ પૂરૂં પાડે છે. આ ઈન્ટરફેસ ત્રણ મીટર એટલે લગભગ ૧૦ ફીટની ત્રિજ્યામાં ૪૮૦ એમબીપીએસ સુધી કામ આપે છે. આ ટેકનોલોજી વાયરલેસ યુએસબી પ્રમોટર ગ્રુપ : અગેર સિસ્ટમ, હેવલેટ અને પેકાર્ડ, ઈન્ટેલ, માઈક્રોસોફ્ટ, એનઈએસ ઈલેક્ટ્રોનિક્સ, ફિલીપ્સ અને સેમસંગ દ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. આ એપ્લિકેશન વધારેમાં વધારે ૧૦ મીટર કે ૩૦ ફીટની રેંજ સુધીમાં પણ ઉપયોગી રહે છે, પરંતુ તેની સ્પીડ ઘટીને ૧૧૦ એમબીપીએસ થતી જાય છે. નઝદિકની રેંજમાં તે લગભગ હાઈસ્પીડ યુએસબી જેટલી જ સ્પીડ આપે છે.

- **એક એસ.એમ.એસ. :**

*Data is not information, information is not knowledge, knowledge is not understanding, understanding is not wisdom.*

*- Clifford Stoll.*

એકત્રિત કરેલ વિગતો માહિતી નથી, માહિતી એ જ્ઞાન નથી, જ્ઞાન એ સમજણ નથી, સમજણ એટલે શાણપણ નથી.


***- ક્લિફોર્ડ સ્ટોલ***

# ભુજની ગામગઢ પ્રદક્ષિણા

કંસારા હરીલાલ પ્રેમજી પોમલ - ભુજ

દર વરસે વરસમાં ફક્ત એક જ વખત ઉજવાતો ગામગઢ. આ પ્રોગ્રામ દર વરસે એક વાર કારતક સુદ નોમના ઉજવાય છે. આ કાર્યક્રમનું સંચાલન કંસારા હરીલાલ પ્રેમજી પોમલ કરે છે. સવારના ૯ વાગ્યે શ્રી આશાપુરા માતાજીના મંદિરમાં સર્વે ભાવિક ભક્તો સમૂહમાં ભેગા થાય છે અને ભજન રાસ ગરબા વિગેરે બોલતાં બોલતાં ભુજમાં નાકા બહાર લગભગ ૮૦ થી ૯૦ મંદિર છે ત્યાં દરેક મંદિરમાં ફક્ત પાંચથી દસ મિનિટનો પ્રોગ્રામ એક ભજન ગાઇ પછી બીજા મંદિરમાં જવાનું. આ કાર્યક્રમમાં નાતજાતનો કોઇ ભેદભાવ નથી. કંસારા લુહાણા સઇ સુથાર કોઇપણ આવી શકે છે. ભજન જેને બોલવા હોય તો પણ બોલી શકે છે. અગાઉ ભૂકંપથી પહેલાં ૨૫૦-૩૦૦ અઢીસોથી ત્રણસોની સંખ્યા સ્ત્રી-પુરૂષ વિગેરેની થતી હતી. ભૂકંપ પછી ઘણા મકાન પડી ગયા અને અમુક જણ બહારગામ જતા રહ્યા. અમુક





નાકા બહાર દૂર રહેવા ચાલ્યા ગયા તેના કારણે હાલે સંખ્યા ૬૦ થી ૭૦ જણાની હોય છે છતાં પણ ૮૦ વરસ થયા, હજુ આ પ્રથા ચાલુ છે.

ભુજની લીલી પરિક્રમા એટલે 'ગામગઢ...' ભુજમાં વીતેલા ૮૦ થી પણ વધુ વર્ષ જૂની 'ગામગઢ'ની પરંપરા છે. ગિરનારની લીલી પરિક્રમાની જેમ ભુજના ભાવિકો દર વર્ષે કારતક સુદ નોમના શહેરના પાંચે પાંચ નાકાની પ્રદક્ષિણા, ધૂન-ભજન-સત્સંગ કરતા કરતા કરે છે. મંગળવારે સવારે ૯ વાગ્યાથી આ પ્રદક્ષિણાનો દેશદેવી મા આશાપુરાના મંદિરથી પ્રારંભ થયો અને નાકા બહારના ૫૦થી વધુ મંદિરોના દર્શન-કીર્તિન અને પ્રભુસ્મરણ સાથે સાંજે આશાપુરા મંદિરે જ પૂર્ણાહૂતિ થઇ. વીતેલા ૩૦ વર્ષથી આ 'ગામગઢ'નું સંચાલન સંભાળતા દિલીપભાઇ મોરારજી ઠક્કર, સોની હરિલાલ પ્રેમજી, મનસુખલાલ શિવજી ઉપરાંત નાના-મોટા સ્ત્રી-પુરૂષ મળીને ૭૫થી ૮૦ જણ જોડાયા હતા.


## 'જ્ઞાતિ સેતુ' પરિવારમાં નવા જોડાયેલ સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | કોટડિયા નરોત્તમ પ્રાણશંકર | - ભુજ | ૯૫૨ |
| ૨. | જય કિરણભાઈ છત્રાળા | - ભુજ | ૯૫૩ |
| ૩. | કિશોરભાઈ બાબુભાઈ બુધ્ધભટ્ટી | - રાયપુર | ૯૫૪ |
| ૪. | જનકબાળા પ્રાણલાલ બુધ્ધભટ્ટી | - ભુજ | ૯૫૫ |
| ૫. | પરમાર મુકેશભાઈ હંસરાજ | - સિકંદ્રાબાદ | ૯૫૬ |
| ૬. | આર. વી. સોની | - મુલુંડ (મુંબઈ) | ૯૫૭ |
| ૭. | ગોપાલભાઈ જેરામભાઈ હેળાઉ | - ભુજ | ૯૫૮ |
| ૮. | બગ્ગા વિનોદકુમાર તુલસીદાસ | - ગાંધીધામ | ૯૫૯ |
| ૯. | સોની નાનાલાલ નારાણજી | - મુંબઈ | ૯૬૦ |
| ૧૦. | વિજયભાઈ મનસુખલાલ બુધ્ધભટ્ટી | - ભુજ | ૯૬૧ |
| ૧૧. | બીજલાણી શંભુલાલ વાલજી | - માંડવી | ૯૬૨ |
| ૧૨. | જનકભાઈ કે. સોની | - ભુજ | ૯૬૩ |
| ૧૩. | ભારતીબેન ઘનશ્યામભાઈ પોમલ | - ભુજ | ૯૬૪ |
| ૧૪. | અશોક કિશોરભાઈ બગ્ગા | - માધાપર | ૯૬૫ |
| ૧૫. | રાજેશ અમરશીભાઈ પોમલ | - મોરબી | ૯૬૬ |
| ૧૬. | અરવિંદભાઈ રામજીભાઈ બુધ્ધભટ્ટી | - ભુજ | ૯૬૭ |
| ૧૭. | મનસુખલાલ શીવજી પોમલ | - ભુજ | ૯૬૮ |
| ૧૮. | અશોકકુમાર દશરથલાલ કંસારા | - ગાંધીનગર | ૯૬૯ |
| ૧૯. | ભાવિન કંસારા | - અમદાવાદ | ૯૭૦ |
| ૨૦. | હરીશભાઈ જી. કંસારા | - મુંબઈ | ૯૭૧ |
| ૨૧. | કેશુભાઈ કંસારા - ઝવેરી આર્ટ | - રાજકોટ | ૯૭૨ |

## *આજીવન સભ્યપદ મેળવનાર સભ્યોની યાદી*

| | | | |
|---|---|---|---|
| ૧. | નીતિનભાઈ ઝવેરી | - મુંબઈ | ૫૩૦ |
| ૨. | નરભેરામ નાનાલાલ બુધ્ધભટ્ટી | - રાયપુર | ૨૭૮ |
| ૩. | સોની મગનલાલ વાલમજી | - રાયપુર | ૨૭૬ |
| ૪. | પોમલ પ્રવીણચંદ્ર અમરસિંહ | - નાસીક | ૬૩૨ |

## જ્ઞાતિ ગૌરવ



મૂળ કચ્છ ભુજના અને હાલ અમદાવાદ સ્થિત શ્રી ઘનશ્યામ ધારશી પરમારના સુપુત્ર **ચિ. નિર્દેશ જી. પરમાર**, જેઓ બે વર્ષથી મુંબઈની L & T Infotech Co. Ltd.માં સોફ્ટવેર એન્જીનીયરની જવાબદારી સંભાળી રહ્યા છે. તેમને કંપનીએ U.S.A., San Diego (California) ખાતે મોબાઈલ સોફ્ટવેર ડેવલપમેન્ટના વિશેષ કામ માટે નિયુક્ત કરેલ છે. ચિ. નિર્દેશની આ સિધ્ધિ બદલ સેતુ પરિવારના હાર્દિક અભિનંદન અને એમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ.

E-mail-1 : nirdesh.parmar@Lntinfotech.com
E-mail-2 : nirdeshparmar@yahoo.com
Ph. : 079-26633836

**પ્રતિભા પ્રોત્સાહન**

# ગુજરાતનું ગૌરવ વધારતો આપણા સમાજનો કચ્છી યુવાન



**હરિત સોની**

લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ એન્ડ પોલીટીકલ સાયન્સ વિશ્વની બેનમૂન યુનિવર્સીટી છે. જયોર્જ બર્નાડ શો, બર્ટ્રાન્ડ રસેલ અને અમર્ત્ય સેન સહિત ૧૩ નોબલ ઇનામ વિજેતા આ યુનિવર્સીટી સાથે સંકળાયેલા હતા.

આ યુનિવર્સિટી વિવિધ ક્ષેત્રે ઉજ્જવળ કારકીર્દી ધરાવતી તજજ્ઞોને તેમના ખાસ ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ-ક્ષમતા કેળવવાની ૧૨ અઠવાડિયાની સઘન તાલીમનું આયોજન કરે છે. ઇ.સ. ૧૯૯૭થી ભારતીય તજજ્ઞોનું પણ આ વિશ્વ પ્રતિષ્ઠિત સ્કોલરશીપ માટે ચયન થાય છે, જેમને ચીવનીંગ ગુરૂકુલ સ્કોલરશીપ ફોર લીડરશીપ એન્ડ એક્સેલન્સ એવોર્ડ અપાય છે. આ કાર્યક્રમનું ધ્યેય છે, 'કાર્યદક્ષતા થકી નેતૃત્વ.'

ગત વર્ષ (૨૦૦૯) દરમ્યાન આ એવોર્ડ માટે સમસ્ત ભારતમાંથી વિભિન્ન ક્ષેત્રે કાર્યરત નિષ્ણાતોમાંથી કપરી કસોટી બાદ ૧૨ સ્કોલરોનું ચયન થયું. આ પ્રતિભા સંપન્ન વ્યક્તિઓમાં ઉચ્ચસ્તરે કાર્યરત, બ્યુરોકેટ્સ અને ટેકનોકેટસ છે. જેમાંનો એક છે, શ્રી હરિત પ્રાણલાલભાઇ સોની, જે આ બધામાં સૌથી નાની વયનો (હજી તો વીસી માં જ) છે. હરિતનો જન્મ ભુજ કચ્છમાં થયો. એના પિતાશ્રી પ્રાણલાલભાઇ નરભેરામ સોની કચ્છના નામાંકિત જ્વેલર્સ છે અને બુલીયન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ છે. હરિતનો પ્રારંભિક અભ્યાસ ભુજની સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં થયો. હરિત બારમી (બોર્ડ)ની પરીક્ષામાં સાયન્સ / મેથ્સ સ્ટ્રીમમાં ૯૫ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયો. ત્યારબાદ બેંગલોરથી 'ટેલી કોમ્યુનિકેશન' ક્ષેત્રે બેચલર ઓફ એન્જીનીયરીંગની ડિગ્રી મેળવી, અથાક પરિશ્રમ અને કાર્યદક્ષતા થકી AISSECમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું, અને કેનેડા, યુએસએ, યુ.કે., સાઉદી અરેબીયા આદિ અનેક દેશોનો પ્રવાસ કર્યો. ત્યારબાદ RPMG બેંગ્લોરમાં સીનીયર કન્સલ્ટન્ટ તરીકે કામ કર્યું. શ્રી હરિત સોનીએ હવે ગુજરાતને એનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. અમદાવાદ સ્થિત ઇકો-લિબ્રિયમ એનર્જી (પ્રા.) લીમીટેડ કંપનીનો એ ફાઉન્ડર ડાયરેક્ટર છે.

હરિતના ૧૨ અઠવાડિયાના તાલીમ કાર્યક્રમ દરમ્યાન એનું મુખ્ય મથક લંડન હતું. ત્યાંથી વિવિધ સ્થળોએ એને એના પસંદગીના ક્ષેત્રના નિષ્ણાતો સાથેની મુલાકાતો, માર્ગદર્શક પ્રવાસો, સેમીનારો અને ગોષ્ઠિઓ તેમજ બ્રિટનમાં એના અભ્યાસ ક્ષેત્રના નિષ્ણાતોના વ્યક્તિગત સંપર્ક થકી, નેટવર્કિંગ કમ્યુનિકેશન, ટીમ બિલ્ડીંગ, સ્ટ્રેટેજી ફોર્મેશન, કમ્પેરેટીવ એનેલીસીસ અને ઇવેલ્યુએશન, જેવા નેતૃત્વના વિવિધ આયામોનો જાત અભ્યાસ કરવાની તક મળી હતી.

આ અભ્યાસ પ્રવાસ અંતર્ગત હરીતને 'યુનાઇટેડ નેશન્સ' વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન, વર્લ્ડ બેન્ક, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન, નાટો તેમજ વિશ્વસ્તરની અન્ય સંસ્થાઓ ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્રે, યુની-લીવર, ફોર્ડ, એચ.એસ.બી.સી. માર્ક એન્ડ સ્પેન્સર, તાતા ઇન્ટરનેશનલ અને બ્રિટીશ એરવેઝની મુલાકાતનો લાભ મળ્યો હતો. ફેલોશીપ પ્રોગ્રામને અંતે હરીતે એના ક્ષેત્રને લગતો પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કર્યો હતો અને વિશ્વ-પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા મૂલ્યવાન પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું હતું.

હરિત એના અભ્યાસ કાળ દરમ્યાન, ઇત્તર પ્રવૃત્તિમાં પણ મોખરે રહ્યો હતો. ધો. ૧૦ અને ૧૨ દરમ્યાન એ 'માસ્ટર ઝેવિયર્સ' રહ્યો હતો. રાષ્ટ્રીય કક્ષાની જુનીયર ફૂટબોલ ટીમના ખેલાડી ઉપરાંત એ ઝેવિયર્સ સ્કૂલ ક્રિકેટ ટીમનો કેપ્ટન પણ રહ્યો હતો.

આધુનિક ભારતની ઉગતી પેઢી માટે આવા બહુમુખી પ્રતિભા સંપન્ન યુવાનો પ્રેરણારૂપ છે. શ્રી હરિત સોનીની સતત ઝળકેલી શૈક્ષણિક કારકિર્દી અને ત્યારબાદ એના પ્રોફેશનલ સિધ્ધિ અને આગવી સૂઝબૂઝ અને ધ્યેયલક્ષી પરિશ્રમને આભારી છે. હરિત આપણા સમાજનું, કચ્છનું અને ગુજરાતનું ગૌરવ છે. 'સેતુ' પરિવાર હરિત તેમજ એના સમસ્ત પરિવારને હાર્દિક અભિનંદન આપે છે સાથે સાથે ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છાઓ પાઠવે છે.

***Well done Harit.***
***You have earned the HALL-MARK!***

***- મુખ્ય તંત્રી***

## CONGRATULATIONS



**Miss Soni Swati Sureshbhai** has got 75.66% marks in final year (IVth) B.Pharm in the academic year 2009 with 7th rank in Kutch University.

Swati is a good Artist with special interest in Fabric Painting (Pichhwai). Setu Pariwar wishes her all the best, both for her academic career and in her hobby.

***પ્રેષક : સુરેશભાઇ પ્રાગજી સોની - માંડવી***



માંડવીના ચિ. હાર્દિક સોનીના સુપુત્ર **ચિ. નંદન**ને એની પ્રથમ વર્ષગાંઠે (તા. ૨૪-૧૨-૨૦૦૯) દાદાજી પ્રાગજીભાઇ અને સમસ્ત પરિવાર ઘણા ઘણા વહાલ કરે છે.



**Miss Soni Komal Lalitbhai** has got 86.15% marks in Std.-10 in the academic year 2009. She is presently studying in Std.-11 with science stream.

Setu Pariwar wishes Miss Komal the most outstanding academic career.

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

*વાચક મિત્રો,*

ગત અંકમાં જ્ઞાતિસેતુ મુખપત્ર આધારીત સવાલો રજૂ કરવામાં આવેલ. જેનો હેતુ યુવા પેઢીને સમાજના મુખપત્ર સાથે સાંકળવાનો હતો. ગત અંકના સવાલોના **અભિજીત ભરતભાઈ બુધ્ધભટ્ટી** દ્વારા સાચા જવાબો આપવામાં આવેલ છે. તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મોકલાવી આપવામાં આવશે. અભિનંદન.

યુવા મિત્રો માટે રસપ્રદ વિષય પર આ અંકની ક્વીઝના સવાલો નીચે મુજબ છે :


૧. 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મ જે મશહુર નવલકથા 'ફાઈવ પોઈન્ટ સમવન' પરથી બનાવવામાં આવેલ તે નવલકથાના લેખક કોણ છે?
(એ) આમિરખાન, (બી) ચેતન ભગત, (સી) વિધુ વિનોદ ચોપડા

૨. તાજેતરમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં સચીન તેન્ડુલકરે સદી ફટકારી, તે તેની ટેસ્ટ કારકિર્દીની કેટલામી સદી હતી?
(એ) ૪૦, (બી) ૪૪, (સી) ૪૬.

૩. 'ગુજરાત' રાજ્ય તરીકે ક્યારે અસ્તિત્વમાં આવેલ?
(એ) ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ (બી) ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦
(સી) ૧ મે, ૧૯૬૦

ઉપરોક્ત સવાલોના જવાબો, આપના પૂરા સરનામા સાથે ***તા. ૧૫-૨-૨૦૧૦ સુધી*** માં જ્ઞાતિસેતુ કાર્યાલય પર મોકલાવી આપવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલાવી આપવામાં આવશે. ■

## QUIZ



***In how many different ways could you cut out a shape consisting of three adjacent triangles, of which at least one must be black, from this traingular pattern?***

## હાસ્યનો હોજ

કોર્ટમાં કેસની કાર્યવાહી ચાલુ હતી, બંને પક્ષના વકીલો ઉશ્કેરાટમાં હતા. એક બોલ્યો, 'તું બેવકૂફ છો.'

બીજો બોલ્યો, 'ને તુ મૂર્ખ છો.'

'તું ઉલ્લું છો.'

'તું ગધેડો છો.'

હવે ન્યાયાધીશે કહ્યું, 'બંને વકીલોએ એકબીજાનો પરીચય કરી લીધો હોય તો કેસ આગળ ચલાવીએ!

★ ★ ★

'આ પેપ્સીની બોટલ ખુલતી નથી, હવે શું કરશું?'

'વીરેન્દ્ર સેહવાગને બોલાવીએ.'

'કેમ?'

'એ ઑપનર છે!'


★ ★ ★

પાગલખાનામાં બે પાગલ વાતચીત કરતા હતા. એકે કહ્યું, 'મારે તાજમેહલ ખરીદવો છે.'

બીજો બોલ્યો, 'પણ મારે વેચવો નથી.'

***સોની જીગર એચ. - વિથોણ***

***નીચે આપેલી દિવાસળીથી બનાવેલી આકૃતિઓ જુઓ. એમાંની પ્રથમ આકૃતિમાં ઓછામાં ઓછી કેટલી દિવાસળી હટાવવાથી પ્રથમ આકૃતિ, બીજી કેટલી આકૃતિમાં બદલી શકાશે?***



(a) (b) (c)

## વોલ્ટ ડિઝની : વિશ્વના સૌથી લોકપ્રિય કાર્ટુનના સર્જક



**વોલ્ટ ડિઝની**

*જન્મદિન : ૫ ડિસેમ્બર, ૧૯૦૧*
*પિતાનું નામ : એલિસ ડિઝની*
*માતાનું નામ : ફ્લોરા કોલ ડિઝની*

દોસ્તો, અમેરિકાના વોલ્ટ ડિઝનીલેન્ડ વિશે તો તમે જાણતા જ હશો. ત્યાં તમારા પ્રિય પાત્રો મિકી - મિની માઉસ, ડોનાલ્ડ - ડેઝી ડક, ગુફી, પ્લુટો વગેરે રહે છે. તેના સર્જક વિશે તમે જાણો છો? ચાલો, આજે તેમના વિશે જાણીએ.

વોલ્ટ ડિઝનીના નામથી આપણે જેમને ઓળખીએ છીએ તેનું મૂળ નામ એલિયાસ ડિઝની છે. તેમનો જન્મ સામાન્ય કુટુંબમાં થયો હતો. વોલ્ટને નાનપણથી જ ચિત્રો દોરવા ખૂબ ગમતા હતા. તેઓ દિવસે સ્કુલે જતા અને રાત્રે ફાઈન આર્ટસના ક્લાસીસ કરતા હતા. તેઓ ખૂબ રમતિયાળ હતા. શરૂઆતમાં તેમને લશ્કરમાં જોડાવાની ઈચ્છા હતી પણ તેમની ઉંમર માત્ર સોળ વર્ષની હોવાથી એ શક્ય ન બન્યું. તેથી તેમના મોટાભાઈએ તેમને અનાજના ગોડાઉનમાં હિસાબ રાખવાનું કામ સોંપ્યું. ત્યાં ઘણા ઉંદરો હતા. તેમાંના એક ઉંદર સાથે તેમણે દોસ્તી બાંધી. તેમને ચીતરવું ખૂબ ગમતું હતું. એટલે ગમ્મત ખાતર તેમણે કાગળ પર ઉંદરડાના સ્કેચ કરવા માંડ્યા અને એક કોમિક સ્ટ્રીપ બનાવી. સૌએ તેના ખૂબ વખાણ કર્યા. પછી તો તેમણે બીજા અનેક પાત્રોનું સર્જન કર્યું. ત્યારબાદ તેઓ વોલ્ટ રેડક્રોસ સંસ્થા સાથે જોડાયા. જ્યાં તેમણે એમ્બ્યુલન્સના ડ્રાઈવરની કામગીરી બજાવી. તેમણે એમ્બ્યુલન્સ પણ ચિત્રો અને કાર્ટુન્સથી રંગીન બનાવી દીધી.

એમણે દોરેલો ઉંદરડો એટલે મિકી માઉસ. વોલ્ટે મિકીની વાર્તાઓ લખી. કોમિક સ્ટ્રીપ અને એનિમેટેડ કાર્ટુન ફિલ્મો બનાવી.

બાદમાં તેમણે એડવર્ટાઈઝીંગ કાર્ટુનિસ્ટ તરીકેની કારકીર્દિ શરૂ કરી. ત્યાં ઈ.સ. ૧૯૨૦માં તેમણે સૌપ્રથમ એનિમિટેડ કાર્ટુન્સ બનાવ્યા.

## શેરલોક હોમ્સ

તે પેરિસના ટેક્ષી સ્ટેન્ડ પરની ટેક્ષીમાં બેઠા. ડ્રાઈવરે પૂછ્યું, 'મુરબ્બી શ્રી ડોયલ, તમને ક્યાં લઈ જાઉં?'

શેરલોક હોમ્સની કથાઓના સર્જક સર આર્થર કોનન ડોયલને આશ્ચર્ય થયું. ટેક્ષી ડ્રાઈવરને પોતાના નામની કેવી રીતે ખબર પડી તે જાણવા તાલાવેલી થઈ.

તેમણે પૂછ્યું, 'તેં મને આ પહેલા જોયેલ છે?'

'ના રે ના, સાહેબ, મેં તમને કોઈ દિવસ જોયેલ નથી.'

'તો તને મારા નામની ખબર કેવી રીતે પડી?'

'સવારના અખબારમાં તમે માર્સેલ્સ રજા ગાળવા ગયા છો તેવા ખબર હતા.'

'તેમાં મારો ફોટો હતો?'

'ફોટો નહોતો. એટલું ખરૂં કે માર્સેલ્સથી આવતા ઘણાખરા પ્રવાસીઓ આ જ ટેક્ષી સ્ટેન્ડ પર આવે છે.'

'એટલા બધા પ્રવાસીઓમાં હું કોનન ડોયલ છું એ ખબર ન પડે.'

'કેમ ખબર ન પડે? તમારા શરીરના વાન પરથી મને ખબર પડી કે તમે માર્સેલ્સમાં રજાઓ ગાળીને આવો છો.'

'માર્સેલ્સથી આજે ઘણા લોકો આવ્યા છે. તેં મને જોયો નથી, મારો ફોટો જોયો નથી, તો હું ઓળખાયો કેવી રીતે?'

'કહું છું સાહેબ. તમારા જમણા હાથની આંગળી પર શાહીના ડાઘ છે. લાંબો વખત લેખન કરનારના ડાઘ સહેલાઈથી ન નીકળે. આમ મેં અનુમાન કર્યું કે તમે લેખક છો. તમારો પહેરવેશ અંગ્રેજ લોકો પહેરે છે તેવો છે, ફ્રેંચ લોકોના પહેરવેશ જેવો નથી. આ બધા પરથી મેં તારવ્યું કે તમે જ સર કોનન ડોયલ છો.'

'આશ્ચર્યજનક! મેં નવલકથાઓ અને વાર્તાઓમાં શેરલોક હોમ્સ સર્જેલ છે. મને કલ્પના નહોતી કે મને જીવતો શેરલોક હોમ્સ ટેક્ષી ડ્રાઈવરના રૂપમાં મળશે.'

ડ્રાઈવર ખુશ થયો. તેણે કહ્યું, 'હજુ એક કડી તો તમને કહેવાની રહી ગઈ.'

ડોયલે પૂછ્યું, 'એ વળી શું?'

'તમારી સુટકેસ પર તમારૂં નામ મોટા અક્ષરે લખેલું છે.'

***કિશોરભાઈ પારેખના બાળભોગ્ય પ્રસંગોના સંગ્રહ***
***'ઉતાવળે કાંઈ આંબા પાકે?'માંથી સાભાર***

## MATHEMATICS FUN!!!!!!

= + % # $

Maths is fun, but only when
I am able to solve the sum.
It is interesting
But at times disgusting!

When it comes to maths,
I am strongest at division,
I am weakest at multiplication,
But I love simplification.

The world of maths is vast,
Expanding and very demanding
Hard work and practice are mantra
Oh! God, help me learn this great tantra!

***– A student anonymous***